

રાગાદિ ને અલ્પજ્ઞતા એ પણ જેમાં નથી એવા શુદ્ધસ્વરૂપમાત્ર આત્માને જાગીને જો, જાગીને જો, બાપુ! એ 'વર્ષ બેસતું' છે.

— નૂતનવર્ષની બોણીરૂપ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના આશીર્વાદ


કહાન સં. ૧૪ સં. ૨૦૫૧ (૬૧૩) ✻ આત્મધર્મ ✻ (અંક-૫ વર્ષ-૫૧) વીર સં. ૨૫૨૧ નવેમ્બર, ૧૯૯૪

# 卐 આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો 卐

* એક ઘડી કે અર્ધ ઘડી પણ દરરોજ જિનાકાર (જિનસ્વરૂપ) જેવા પોતાના સ્વરૂપનું અનુસંધાન (ધ્યાન) કરવું જોઈએ; જેથી ભવોભવના કર્મોના ઢગલા પણ એવી રીતે વિલીન થઈ જશે કે જેવી રીતે સૂર્યનો ઉદય થતાં જ અંધકાર વિલીન થઈ જાય છે. ૩૯૪.

(શ્રી નેમીશ્વર-વચનામૃત-શતક, શ્લોક-૨૮)

* તત્ત્વદૃષ્ટિથી જોતાં, રાગદ્વેષને ઉપજાવનારું અન્ય દ્રવ્ય જરાય દેખાતું નથી, કારણ કે સર્વ દ્રવ્યોની ઉત્પત્તિ પોતાના સ્વભાવથી જ થતી અંતરંગમાં અત્યંત પ્રગટ પ્રકાશે છે. ૩૯૫.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, કળશ-૨૧૯)

* માનવોંકે જો જો સ્વભાવ કહેં ગયે હૈં વે વે અશુભ જ્ઞાનકો યા શુભ જ્ઞાનકો અનુભવ કરતે હૈં. જો કોઈ ભી માનવ શુદ્ધ જ્ઞાનકે ધારી હૈ ઉનકા વિજ્ઞાન યા ભેદવિજ્ઞાન અપને આત્માકો નિશ્ચયસે પરમાત્મારૂપ જાનતા હૈ યા અનુભવ કરતા હૈ. ૩૯૬.

(શ્રી તારણસ્વામી, ઉપદેશ-શુદ્ધસાર, શ્લોક-૭)

* સંસારપરિણામી મોહમુગ્ધ જીવને પોતાના અસ્તિત્વનો નિશ્ચય કરવાનો કે તેના અસાધારણ ધર્મો પ્રત્યે ઉપયોગને પ્રેરી 'હું જીવ છું' એ પ્રકારનો સમ્યક્ નિર્ણય કરવાનો અનાદિ મોહ આડે અવકાશ ક્યાં છે? નહિ તો પોતાથી પોતાનો નિર્ણય ન થાય એટલો બધો જીવ પદાર્થ કાંઈ અંધારે પડયો નથી. વાસ્તવ્ય વિચારે સ્પષ્ટ સમજાય એટલો બધો સ્વયં પ્રકાશિત પદાર્થ છે. ૩૯૭.

(શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૨૪૧)

* તત્ત્વનું અવલંબન કરનાર એવા મને જે પરદ્રવ્યનું પરિજ્ઞાન પુસ્તકોથી થાય તે પણ હેય છે; તો પરદ્રવ્ય કેમ હેય ન હોય? ૩૯૮.

(શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન-તરંગિણી, અધ્યાય-૧૫, ગાથા-૧૩)

કહાન
સંવત-૧૪
વર્ષ-૫૧
અંક-૫
[૬૧૩]

# આત્મધર્મ

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

વીર
સંવત
૨૫૨૧
સં. ૨૦૫૧
NOV.
A.D. 1994

## દિવાળી : આત્મહિત-આરાધનાની પ્રેરણાનો મંગલ પ્રસંગ

અહો! આજે દિવાળીનો દિવસ! આસો વદ અમાસ....જ્યારે પાવાપુરીમાં વીરપ્રભુ મોક્ષપદ પામ્યા ને એ નિર્વાણ પ્રસંગે પોતાની ઉત્કૃષ્ટ આરાધનામાં જોડાઈને ગૌતમસ્વામી કેવળજ્ઞાન પામ્યા! એક પ્રભુ પંચમગતિ પામ્યા તો બીજા પ્રભુ પંચમજ્ઞાન પામ્યા! બન્નેનો મહાન ઉત્સવ થયો...એ હતો આજનો દિન! અહો! જ્યાં મોક્ષના ને કેવળજ્ઞાનના ઉત્સવ એક સાથે ઉજવાયાં હશે એ પ્રસંગ કેવો આનંદકારી હશે? ને એ જોનાર - ઉજવનાર સૌ જીવોને કેવા મજાના શુદ્ધભાવો ઊછળતાં હશે!

વીરપ્રભુના મોક્ષગમન ટાણે ગૌતમસ્વામી કાંઈ પ્રભુવિરહનો વિકલ્પ કરવા ન બેઠા પણ જ્ઞાયકની અનુભૂતિમાં વધુ ઊંડા ઊતરીને આત્મસાધનામાં–મોક્ષસાધનામાં મગ્ન બન્યા ને કેવળજ્ઞાન પામીને સર્વજ્ઞ પરમાત્મા થયા ને તેમના શિષ્ય સુધર્મસ્વામી તે જ દિવસે શ્રુતકેવળી બન્યા.

ત્યાર પછી તીર્થંકરપ્રભુની એ કુળ-પરંપરા ચાલતી ચાલતી શ્રીગુરુઓ દ્વારા પરમોપકારી પૂજ્ય-ગુરુદેવશ્રી સુધી પહોંચી અને આપણે સૌ એ કુળ-પરંપરા પામીને કૃતાર્થ બન્યાં. કૃપાસિંધુ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રતાપે પ્રાપ્ત આ તીર્થંકર ભગવંતોના વીતરાગમાર્ગને ઉપાસીને આપણે સૌ પણ આપણા તીર્થંકર ભગવંતો અને ભાવિ ભગવંતોના સિદ્ધદેશમાં જઈને સદાકાળ તેમની સાથે રહીએ–એવી આજના વીર-નિર્વાણ-કલ્યાણકના–આત્મ-આરાધનાની પ્રેરણાના આ મંગલ-મહોત્સવ પ્રસંગે ભાવના ભાવીએ....

# સાધકને આખી દુનિયાની ઉપેક્ષા છે

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રચન નં. ૫૩)

શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્રની આ ૭૫મી ગાથા છે.

अट्ठहँ कम्महँ बाहिरउ सयलहँ दोसहँ चत्तु ।
दंसण–णाण–चरित्तमउ अप्पा भावि णिरुत्तु ॥७५॥

શ્રી યોગીન્દ્રદેવ આ ગાથામાં કહે છે કે તું નિશ્ચયનયથી આઠ કર્મ અને સર્વ દોષોથી રહિત સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રમયી આત્માને જાણ!

અભેદરત્નત્રયના કાળે આવો શુદ્ધાત્મા અનુભવમાં આવવા યોગ્ય છે. ચોથા ગુણસ્થાનથી અભેદરત્નત્રયની શરૂઆત થઈ જાય છે. અહીં અભેદરત્નત્રયની વ્યાખ્યા છે.

પરમ અનંતગુણના ધામ એવા નિજ શુદ્ધાત્માને અંતરમુખ દૃષ્ટિથી જોતાં તે જ્ઞાનાવર્ણાદિ આઠ કર્મથી રહિત છે તથા મિથ્યાત્વ, રાગ, દ્વેષાદિ વિકારી દોષોથી પણ રહિત છે અને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની એકતારૂપ રત્નત્રયમય છે. જે આત્મા પોતાના શુદ્ધોપયોગ દ્વારા એટલે કે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની એકતા દ્વારા આત્માને અનુભવે છે તેને આવો નિર્મળ આત્મા અનુભવમાં આવે છે. જે શ્રદ્ધા દ્રવ્યની પ્રતીત કરે છે, જે જ્ઞાન દ્રવ્યને જાણે છે અને જે ચારિત્રમાં દ્રવ્યમાંસ્થિરતા થાય છે તેની કિંમત છે. શુદ્ધોપયોગની સાથે રહેવાવાળા એ ભાવ છે માટે તેને ટીકામાં અભેદરત્નત્રય કહ્યાં છે.

શુદ્ધ ચૈતન્યજ્યોત પરમ આનંદસ્વરૂપ છે. તેનું જ્ઞાન કરીને જેણે અંતરમુખ દૃષ્ટિ વડે તેને પ્રતીતમાં લીધો છે એવા સમ્યગ્દર્શન-રત્નની કિંમત છે. રાગથી આત્માની શ્રદ્ધા કરે એમ નહિ પણ જેણે નિર્વિકલ્પ શ્રદ્ધામાં આત્માને લીધો છે. અમૂલ્ય એવા ચૈતન્યને શ્રદ્ધામાં લીધો છે એવા સમ્યગ્દર્શનની કિંમત છે. જેણે જ્ઞાનમાં આત્માને સ્વજ્ઞેય બનાવ્યો છે અને શ્રદ્ધા–જ્ઞાનપૂર્વક તેમાં સ્થિર થયો છે એવા જીવના સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રને રત્નત્રય કહ્યા છે. કેમ કે તે કિંમતી છે. શરીર, વાણી કે પુણ્ય–પાપના વિકલ્પોની કોઈ કિંમત નથી કેમ કે તેમાં શુદ્ધાત્મા લક્ષમાં આવતો નથી.

એકલા આનંદમય આત્માની શ્રદ્ધા કરી તે શ્રદ્ધાની કિંમત છે, તે જ્ઞાનની કિંમત છે કે જેણે આત્માને જાણ્યો. વ્યવહાર-શ્રદ્ધાની કે શાસ્ત્રના જ્ઞાનની કાંઈ કિંમત નથી. તેને નિશ્ચયરત્નત્રય સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોવાથી ભેદરત્નત્રય કહેવાય છે પણ તે તો

આરોપિત કથન છે. જ્ઞાનમાં વસ્તુને લઈને જે જ્ઞાને તેને જ્ઞેય બનાવ્યો એ જ્ઞાનની જ કિંમત છે એવા જ્ઞાનને જ રત્ન કહેવાય છે. તે જ્ઞાનમાંથી શરીરનું વિકલ્પનું કે પરના જાણપણાનું અભિમાન ઊડી ગયું હોય છે.

સમયસારની બીજી ગાથા યાદ આવી હતી. जीवो चरित्तदंसणणाणठिदो तं हि ससमयं जाण । જે જીવ દર્શન, જ્ઞાન, ચારિત્રમાં સ્થિત થઈ રહ્યો છે તે 'સ્વસમય' છે એ સિવાય શુભ ઉપયોગમાં ઠરે છે તે જીવ પણ 'પરસમય' છે. માટે તારા ઉપયોગને વિકલ્પથી સંકેલી (ખસેડી) નિજ ભગવાન આત્મામાં લગાવ! નિર્વિકલ્પદૃષ્ટિ અને શુદ્ધોપયોગપૂર્વક શ્રદ્ધા-જ્ઞાનમાં આત્માને લઈને તેનું ધ્યાન કર એ તારા રત્નત્રય છે, તેમાં તારી શોભા છે.

ભાવાર્થ :–જોયેલાં, સાંભળેલાં, અનુભવેલાં ભોગોની અભિલાષારૂપ બધાં વિભાવ-પરિણામોને છોડીને નિજસ્વરૂપનું ધ્યાન કર! બહારના વિષયો અત્યાર સુધી જોયાં છે તેને ભૂલી જા, સાંભળેલાં વિષયોને ભૂલી જા, અનુભવેલાં રાગાદિના ભોગને ભૂલી જા. માત્ર વિષયનો ભોગ એ જ ભોગ નથી. કોઈ પણ રાગના ભાવનો ભોગ તે ભોગ છે તેને ભૂલી જા. બાહ્યપદાર્થની વિસ્મયતાના ભાવને ભૂલી જા. અંતર આત્મપદાર્થની વિસ્મયતાનો અનુભવ કરવો એ એક જ જીવનું કર્તવ્ય છે. એ જ કિંમતીભાવ છે. માટે આત્માના ભાવને ભોગવ અને રાગાદિના ભોગને ભૂલી જા! બાહ્યપદાર્થને દેખવાનું છોડીને આત્માને દેખ અને બાહ્યકથા સાંભળવાનું છોડીને અંતર લક્ષપૂર્વક જ્ઞાનાનંદનું શ્રવણ કર!

દેખેલાં, સાંભળેલાં, અનુભવેલાં ભોગોને છોડી દે એટલું જ નહિ પણ તેની અભિલાષા અર્થાત્ ભાવના પણ ન કર! સર્વ પ્રકારના બધાં વિભાવપરિણામોને છોડીને નિજસ્વરૂપનું ધ્યાન કર.

અહીં ઉપાદેયરૂપ અતીન્દ્રિયસુખથી તન્મયી અને ભાવકર્મ, નોકર્મ અને દ્રવ્યકર્મથી જુદો જે શુદ્ધાત્મા છે તે અભેદરત્નત્રયના ધારણ કરવાવાળા નિકટભવ્યોને ઉપાદેય છે એમ તાત્પર્ય છે. શરીર, સ્ત્રી, પુત્ર, ધન આદિમાં કયાંય આનંદ નથી, કોઈ પણ પ્રકારના વિકલ્પમાં પણ આનંદ નથી, અતીન્દ્રિય આનંદ એક નિજાત્મામાં જ છે તેથી દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મથી રહિત નિજાત્મા જ નિકટભવ્યોને ઉપાદેય છે કે જેના ધ્યાન વડે અતીન્દ્રિયસુખની પ્રાપ્તિ થાય છે. અલ્પકાળમાં જેની કેવળજ્ઞાનદશા થવાની છે એવા અભેદરત્નત્રયધારક નિકટભવ્યજીવોને આવો શુદ્ધાત્મા જ ઉપાદેય છે. બીજી ગાથામાં પણ કેવળજ્ઞાનનેઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિ કહી છે. અહો! અતીન્દ્રિય આનંદની મીઠાશથી ભરપૂર ભરેલા ભગવાન આત્માનું જ્ઞાન કરી, તેની પ્રતીત અને સ્થિરતા થઈ છે એવા અભેદરત્નત્રયના કાળે આ આત્મા આદરણીય છે.

ગાથાઓ કેવી ઊંચી છે! વસ્તુ એવી ઊંચી જ છે, વાચ્ય ઊંચું છે.

જે પરિણામે પરિણામીને પકડ્યો છે એવા પરિણામની જ કિંમત છે. જે શ્રદ્ધા પરિણામે આત્માને શ્રદ્ધામાં લીધો છે, જે જ્ઞાનપરિણામે જ્ઞાયકને જ્ઞાનમાં લીધો છે તે શ્રદ્ધા-જ્ઞાનની જ કિંમત છે. પોતે અતીન્દ્રિયાનંદસ્વરૂપ છે પણ જ્યાં સુધી એને પુણ્ય-પાપમાં અને તેના ફળમાં મીઠાશ આવે છે ત્યાં સુધી તેના શ્રદ્ધા-જ્ઞાનમાં આત્મા આવ્યો નથી. એવા મિથ્યાદૃષ્ટિને આત્મા ઉપાદેય થઈ શકતો નથી.

ભગવાન આત્મા અતીન્દ્રિયાનંદથી તન્મય છે તેમાં એકલો આનંદ જ ભર્યો છે તેની જેને કિંમત આવે તેને રાગથી માંડીને બહારના કોઈ પણ પદાર્થની અધિકતા–વિસ્મયતા–અચિંત્યતા, અદ્‌ભુતતા ભાસતી નથી. તેને તો એક આત્માજ ઉપાદેય હોય છે. જેમ ભેંસને છૂટા કપાસની વખારમાં ચરવા માટે છૂટી મૂકી હોય તો એ કેવી હોંશથી ખાય! ખાવામાં એવી લીન થઈ જાય કે ઊંચું માથું પણ ન કરે તેમ અતીન્દ્રિય આનંદની વખારમાં પડેલો આત્મા વિકલ્પમાં માથું ઊંચું કરતો નથી. પણ હજુ જેનામાં પાત્રતા ન હોય, સમજણ ન હોય, વ્યવહારના ઠેકાણા ન હોય અને આંખ બંધ કરીને આત્માનું ધ્યાન કરવા જાય તેને આત્માનો આનંદ ન આવે હો. એ તો જડના ધ્યાન છે બાપુ!

શ્રોતા :– એમાં પણ આનંદ તો આવે છે!

પૂજ્ય ગુરુદેવશ્રી :–એ તો જગતના જીવો માન આપે....સારૂં બોલે... તેનો આનંદ આવે છે. આત્માનો આનંદ તેમાં ન આવે ભાઈ!

અહીં તો કહે છે ભાઈ! તારી ચીજ આમ બહારની રુચિથી મળે તેમ નથી. તેને માટે તો દર્શન, જ્ઞાન, ચારિત્રની કિંમત આપ તો આનંદ મળે તેમ છે. પણ તેને માટે ઘણી જવાબદારી છે. એક આત્માની જ રુચિ હોય, બાહ્યમાં ક્યાંય રુચિ ન હોય, હળવો...હળવો થઈ ગયો હોય, શાસ્ત્ર ભણતરની પણ જેને અધિકતા આવતી નથી, મને દુનિયાને કાંઈક સમજાવતા આવડે છે તેની પણ જેને મહિમા નથી અને ઘણાં શુભભાવ થતાં હોય છતાં તેની કિંમત લાગતી ન હોય તેને આત્મા ઉપાદેય છે. તેને આત્માનો અતીન્દ્રિયાનંદ મળે છે કેમ કે તેનું ધ્યાન જ આત્મામાં લાગી શકે છે. આમ નિકટભવ્યોને જ આત્મા ઉપાદેય છે એ આ ગાથાનું તાત્પર્ય થયું.

હવે ૭૬મી ગાથામાં મુનિરાજ સમ્યગ્દૃષ્ટિની મુખ્યતાથી સ્વતંત્ર એક દોહાસૂત્ર કહે છે.

**अप्पिं अप्पु मुणंतु जिउ सम्मदिट्ठि हवेइ ।**
**सम्माइट्ठिउ जीवडउ लहु कम्मई मुच्चेइ ॥७६॥**

પોતાને પોતાથી જાણતો થકો જીવ સમ્યગ્દૃષ્ટિ થાય છે અને સમ્યગ્દૃષ્ટિ થતો થકો

કર્મોથી જલ્દી છૂટી જાય છે. પોતાને એટલે જ્ઞાનાનંદસ્વરૂપ નિજ આત્માને પોતાથી એટલે નિર્દોષ વીતરાગ પર્યાય દ્વારા અર્થાત્ નિશ્ચય-સમ્યગ્દર્શન, જ્ઞાન દ્વારા જાણે છે તે જીવ સમ્યગ્દૃષ્ટિ થાય છે. વીતરાગી પર્યાય દ્વારા વીતરાગસ્વરૂપ નિજાત્મને જે જાણે છે તે અલ્પકાળમાં વીતરાગી પૂર્ણતાને પામે છે. સ્વસંવેદનજ્ઞાન દ્વારા રાગ અને પુણ્ય–પાપ રહિત સ્વશુદ્ધાત્માને જાણે છે તે પહેલાં તો અંતરાત્મા થાય છે અર્થાત્ પોતે પોતાને અનુભવતો સમ્યગ્દૃષ્ટિ થાય છે ત્યારે જ્ઞાનાવરણ, દર્શનાવરણ આદિ આઠ કર્મોથી શીઘ્ર છૂટી જાય છે. શક્તિરૂપ પરમાત્મા હતો તેને વ્યક્તરૂપ પરમાત્મદશા પ્રગટ થાય છે, આ જ પરમાત્મા થવાનો ઉપાય છે, બાકી કોઈ ઉપાય નથી. સમ્યગ્દૃષ્ટિ શીઘ્ર મુક્તિને પામે છે. શીઘ્ર એટલે કે આવી સ્થિતિવાળાને અલ્પકાળમાં જ કેવળજ્ઞાનપ્રાપ્તિનો કાળ હોય છે.

શું આ પાંચમા આરાના જીવને મુનિરાજ આવો ઉપદેશ આપે છે! મુનિને ખબર નહિ હોય કે પાંચમા આરામાં આવી વીતરાગતા ન થાય! મુનિરાજને ખબર છે કે આ કાળે કેવળજ્ઞાન થતું નથી પણ કેવળજ્ઞાન જે રીતે થાય એવી વીતરાગી અનુભૂતિ આકાળે પણ થઈ શકે છે. શ્રદ્ધા અપેક્ષાએ, જ્ઞાન અપેક્ષાએ, ભાવના અપેક્ષાએ, ઈચ્છા અપેક્ષાએ તથા નિશ્ચય અપેક્ષાએ કેવળજ્ઞાન આ કાળે પણ થઈ શકે છે માટે કેવળજ્ઞાન આ કાળે નથી એમ કરીને પુરુષાર્થને રોકી દેવો યોગ્ય નથી.

આ કાળે તું આખો ભગવાન આત્મા તો બેઠો છો! તારામાં અનંતી કેવળજ્ઞાનપર્યાય અને અનંતી આનંદપર્યાય તો તારા દ્રવ્યમાં પડી છે પણ એને વિશ્વાસ નથી આવતો. આ કાંઈ કલ્પનાથી વિશ્વાસ આવે તેમ નથી. તેને માટે તો કિંમત ભરવી પડે તેમ છે. રત્નત્રય એ તેની કિંમત છે. અંતર એકાગ્રતાના અપાર શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિથી વસ્તુ હાથ આવે તેમ છે.

આજે તો સવારમાં વિચાર આવ્યો કે, અહો ધન્ય એ કાળ કે જ્યારે આઠ વર્ષના સુકોમળ રાજકુમાર વનમાં ધ્યાનમાં બેઠા હશે! પાસે નાનું એવું પીછી ને કમંડળ પડ્યું હશે! કોઈ શિકારી ત્યાંથી નીકળે તો એને પણ એમ થઈ જાય કે અરે! આવા રાજકુમાર! એ જ્યારે દીક્ષા લેવા માતા પાસે રજા માંગતા હોય...માતા! અમને સંસારમાં દુઃખ લાગે છે.... માતા કહે, બેટા! આ બધો વૈભવ.... હીરાના થાળ, નીલમની પાટ, આ રાજમહેલ, મોટા થશો ત્યાં પદમણી જેવી સ્રીઓ સાથે પરણાવીશું. તમે દીક્ષા ન લ્યો ! પુત્ર કહે છે માતા! અમને દુનિયાના બધા ભાવ દુઃખદાયક લાગે છે, આ સુંદર દેખતાં શરીર પણ ધૂળના ઢગલા છે. તેની પાછળ પ્રભુ સંતાણા છે. અમે તેને શોધવા વનમા જઈને ધ્યાન લગાવશું. શરીર ભલે માખણ જેવા હોય પણ જેનું લક્ષ કરતાં રાગ થાય–દુઃખ થાય તે ચીજ શા કામની! એક અમારો આનંદકંદ જ અમારે કામનો છે, બીજું કાંઈ કામનું નથી.

અહો! મુનિએ ધુરંધર મોટી પેઢી માંડી છે તેનાથી મુનિને કેવળજ્ઞાનનો લાભ થશે. લોકો ધનના લાભ માટે પેઢી માંડે છે એ તો આત્માની પૂંજીને લૂંટનારી છે અને મુનિની પેઢી તો શરૂ થાય ત્યાં અંતરમાં આનંદના શેરડા દેનારી છે. મુનિએ સમ્યગ્દર્શનમાં શાંતરસના શેરડા તો અનુભવ્યાં છે. હવે તેમાં એકદમ ઠરી જવા માટે વનમાં ચાલી નીકળે છે. ત્યાં કોઈનો તેમને સાથ જોતો નથી. જેમ મડદાં સાથે ઠાંઠડીમાં બીજાના સાથની જરૂર નથી તેમ મુનિને કોઈના સાથની અપેક્ષા નથી. મુનિએ શ્રદ્ધા, જ્ઞાનમાં આનંદની રેલમછેલ અનુભવી છે તેને સાધવા નીકળ્યાં છે ત્યાં આખી દુનિયાની ઉપેક્ષા છે અને એક આત્માની અપેક્ષા છે. આવી ચારિત્ર સહિત વીતરાગતા ધ્યાવવા યોગ્ય છે.

આ જ અભિપ્રાયવાળી ગાથા કુંદકુંદ આચાર્યે મોક્ષપાહુડમાં સમ્યક્ત્વનું લક્ષણ બતાવતાં લખી છે.

**सद्दव्वरओ सवणो सम्मादिट्ठी हवेइ णियमेण ।**
**सम्मत्तपरिणदो उण खवेइ दुट्ठट्ठकम्माइं ॥**

અર્થ :–આત્મસ્વરૂપમાં મગ્ન થયેલ જે યતિ તે નિશ્ચયથી સમ્યગ્દષ્ટિ છે. તે જ સમ્યગ્દષ્ટિ પછી સમ્યક્ત્વરૂપ પરિણમતો થકો દુષ્ટ આઠ કર્મોનો ક્ષય કરે છે. सवणा એટલે દિગંબરમુનિ કે જેને શરીર ઉપર એક વસ્ત્રનો ધાગો નથી, શરીર ઉપર શણગાર નથી, માતાએ જન્મેલા પુત્ર જેવું નગ્ન દિગંબરરૂપ છે અને અંદરમાં આત્મસ્વરૂપમાં રમણતા અને મગ્નતા છે, વિકલ્પની મગ્નતા છૂટી ગઈ છે એવા ઉત્કૃષ્ટ મુનિની વાત અહીં લીધી છે. આ તો મોક્ષપાહુડની ગાથા છે ને! તેમાં ઉત્કૃષ્ટ ચારિત્રવંત મુનિ જ મોક્ષ પામે, તેને જ આઠ કર્મો ક્ષય થાય એ બતાવવું છે. જેને બાહ્યમાં ક્યાંય મગ્નતા ન હોય, અંતરમાં સમ્યગ્દર્શન, જ્ઞાન પૂર્વક ચારિત્રમાં મગ્નતા હોય એવા મુનિને જ મુક્તિ હોય. જેને બાહ્યમાં વસ્ત્ર-પાત્રાદિનો સંયોગ હોય અને મુનિપણું ધરાવતાં હોય તેને અંતરમાં આત્મામાં મગ્નતા ન હોય, તેને તો સમકિત પણ ન હોય, ગૃહસ્થાશ્રમમાં રહીને સમકિત પામી શકે છે પણ વસ્ત્ર-પાત્ર સહિત મુનિપણું માને તેને સમકિત પણ હોય નહિ તો મુનિપણું તો ક્યાંથી હોય! સાચા ભાવલિંગી મુનિને તો તેની દશાને યોગ્ય અકષાય પરિણતિ થઈ ગઈ હોય છે તેથી બાહ્યમાં નગ્નદશા સહજ થઈ જાય છે.

આવા ભાવલિંગી મુનિ સ્વદ્રવ્યમાં રત હોય છે. સમ્યગ્દષ્ટિ સ્વદ્રવ્યમાં લીન છે પણ મુનિ જેટલી લીનતા સમ્યગ્દષ્ટિને હોતી નથી. પોતાના સ્વરૂપની નિશ્ચયદૃષ્ટિ સહિત, સ્વરૂપના નિશ્ચયજ્ઞાન સહિત, સ્વરૂપની ઉગ્ર લીનતા મગ્ન છે એવા શ્રમણ જ અલ્પકાળમાં મુક્તિને પામે છે.

અહો! મુનિપદ ત્રણેય કાળ અને ત્રણેલોકમાં એવું જ હોય કે મુનિ સ્વદ્રવ્યમાં લીન હોય. મુનિને વસ્ત્ર-પાત્રનો સંયોગ હોય જ નહિ. વસ્ત્ર-પાત્ર સહિત સાધુપણું મનાવે છે તેને સ્વદ્રવ્યની દૃષ્ટિ જ નથી, સ્વદ્રવ્યના સ્વરૂપની ખબર જ નથી તો સ્વદ્રવ્યમાં લીનતારૂપ મુનિપણું તેને હોય! સ્વરૂપમાં લીન મુનિને વસ્ત્ર-પાત્રવાળી દશા હોય જ નહિ. તેને તો સહજ દિગંબર દશા જ થઈ જાય છે, કરવી પડતી નથી. છતાં નગ્નપણુ એ મુનિપણું નથી. ત્રણકષાયનો અભાવ અને સ્વદ્રવ્યમાં લીનતા તે મુનિપણું છે.

આત્મસ્વરૂપમાં મગ્ન થયેલા યતિ જ નિશ્ચયથી સમ્યગ્દૃષ્ટિ હોય છે એટલે વિશેષ સ્થિરતા સહિતના સમ્યગ્દર્શનની આ વાત છે તેનો અર્થ એવો નથી કે, ચોથા ગુણસ્થાને નિશ્ચયસમ્યગ્દર્શન ન હોય. વસ્તુની દૃષ્ટિનો અનુભવ તો થયો છે ને તેમાં વિશેષ સ્થિરતા જામી છે તેથી તેને વીતરાગ ચારિત્ર સહિતનો સમ્યગ્દૃષ્ટિ કહ્યો છે.

મુનિને પુસ્તક લખવાનો વિકલ્પ આવે છે, લખે છે પણ એ પાના ક્યાં પડ્યા છે ને કોણ લેશે તેની ચિંતા નથી. મુનિ તો છઠ્ઠા–સાતમા વીતરાગભાવમાં ઝૂલતાં હોય છે. એવા વીતરાગભાવમાં વિશેષ વિશેષ પરિણમતા પૂર્ણતાને પામે છે. પ્રતીત, જ્ઞાનને રમણતામાં પરિણમતા પરિણમતા કેવળજ્ઞાન પામે છે અને આઠ કર્મ નાશ પામી જાય છે. દ્રવ્ય ઉપર જ મીટ માંડી હતી અને તેના જ લક્ષે પરિણમતા પરિણમતા પૂર્ણતાને પ્રાપ્ત કરે છે.

વસ્તુના અનુભવ-પરિણત દૃષ્ટિના ધ્યેયમાં ને ધ્યેયમાં વિશેષ સ્થિરતા કરતાં મુનિને ધ્યેય છૂટતું નથી અને સ્થિરતા વિશેષ પાકી થતાં થતાં સ્થિરબિંબ થઈ જાય છે. તેને અહીં સમકિતનું પરિણમન કહ્યું છે. દ્રવ્યના ધ્યેયમાં થયેલું એ પરિણમન છે અને એ ધ્યેય પૂર્ણતા સુધી એમ ને એમ જ રહે છે. ધ્યેયમાં જરાય અસ્થિરતા થવા દેતા નથી. એ જ દ્રવ્યના ધ્યેયથી આઠ કર્મોનો ક્ષય થઈ જાય છે.

અહો! દિગંબર સંતોની શૈલી કોઈ ગજબ છે ન ભૂતો ન ભવિષ્યતિ ।

દ્રવ્યના ધ્યેયમાં વિશેષ સ્થિર થાય તેને પણ સમકિતનું પરિમન ગણ્યું છે. દ્રવ્ય–ધ્યેયની પકડમાં ને પકડમાં દુષ્ટ એવા આઠેય કર્મોનો નાશ કરી નાંખે, છે જોયું? આઠેય કર્મને દુષ્ટ કહ્યાં છે. શાતાવેદનીય, ઊંચ ગોત્ર આદિને પણ દુષ્ટ કહ્યાં.

પ્રશ્ન થાય કે કર્મ તો જડ છે તેને દુષ્ટ કેમ કહ્યાં? તો સમાધાન એ છે કે, જડ કર્મો કાંઈ દુષ્ટ નથી પણ તે જે ભાવથી થયા છે અને તેના ઉદયકાળે તેને જ પરિણતિ અવલંબે છે તે વિકારી પરિણતિ દુઃખદાયક છે માટે દુષ્ટ છે તેનો આરોપ કર્મો ઉપર કરીને કર્મને દુષ્ટ કહ્યાં છે.

[ અનુસંધાન માટે જુઓ પાનું-૨૧ ]

# અમૃતના ઓડકાર

(શ્રી નાટક સમયસાર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં.-૩૦)

આ શ્રી નાટક સમયસાર શાસ્ત્ર છે. તેના જીવદ્વારનો સાર કહેવાય છે.

આ આત્મા જેવો છે તેવો અંતરમાં અનુભવ થાય તેનું નામ સમ્યગ્દર્શન છે. આત્મપદાર્થ ત્રિકાળ શુદ્ધ છે. પર્યાયમાં અશુદ્ધતા છે તે આત્મા નથી, એ તો અનાત્મા છે.

આત્મા શુદ્ધ છે અને આત્મા બુદ્ધ છે અર્થાત્ જ્ઞાનનો સૂર્ય છે—ચૈતન્યપુંજ છે. આવો આત્મા જ્યારે નજરમાં આવે ત્યારે આત્માને જાણ્યો કહેવાય. આત્મા જણાય તેવો જ છે કેમ કે 'પ્રત્યક્ષ જ્ઞાતા' એનું સ્વરૂપ છે. જેમાં શરીર નથી, વાણી નથી, મન નથી, કર્મ નથી, પુણ્ય-પાપના વિકલ્પ નથી એવો જ્ઞાનસાગર આત્મા બુદ્ધ છે. પુણ્ય-પાપના રાગની પાછળ જે ચૈતન્યસૂર્ય રહેલો છે તે આત્મા છે.

આ આત્મા વિકલ્પ વિનાનો નિર્વિકલ્પ છે, તેમાં અનંતગુણના ભેદ નથી એવો તે અભેદ છે. ગુણ-ગુણીના ભેદ છે તે વ્યવહારનયનો વિષય છે પણ તે અભૂતાર્થ છે—સત્યાર્થ નથી. ભેદ છે તે જીવસ્વરૂપ નથી તેમ જ એક સમયની પર્યાય પણ જીવસ્વરૂપ નથી. એક સમયનો વ્યવહાર છે તે ત્રિકાળની અપેક્ષાએ જૂઠો છે.

જેમ નિર્મળતા રે સ્ફટિકતણી, તેમ જ જીવસ્વભાવ.....સ્ફટિકરત્ન એકદમ નિર્મળ હોય છે પણ તે જડ છે અને આત્મા તો નિર્મળ ચૈતન્ય છે પણ પોતે રાંકો થઈને રઝળે છે....પામર થઈને પરિભ્રમણ કરે છે.....એને પોતાની નિર્મળતાનો વિશ્વાસ નથી.

શ્રી જિનવીરે રે ધર્મ પ્રકાશિયો, પ્રબળ કષાય અભાવ રે....સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા શ્રી વીરજિને કહ્યું છે કે પ્રભુ! તારું સ્વરૂપ તો અભેદ, દેહથી રહિત છે, તેની દૃષ્ટિ કર તો તને સમ્યગ્દર્શન થશે. પરની અપેક્ષા રાખીને સમ્યગ્દર્શન કરવા માગીશ તો નહીં થાય. ભગવાન તું પાંગળો નથી કે તારે લાકડીના આધારે ચાલવું પડે અને વિકલ્પ-વ્યવહારના આધારે તારું ભાન થાય એવો તું નથી.

જિનેન્દ્રદેવ કહે છે એવો આત્મા પોતે સ્વરૂપે જિનેન્દ્રદેવ છે. આત્મા દેહાતીત છે, શરીરના રજકણોથી તદ્દન ભિન્ન છે, પુદ્ગલના રજકણોથી ગોઠવાયેલું શરીર એ કાંઈ તારી ચીજ નથી. તું તો ચિત્ચમત્કાર છે. પોતામાં રહીને આખા જગતને ક્ષણમાં જાણી લેવાની ચમત્કારિક શક્તિ તારામાં છે.

ભગવાન આત્મા વિજ્ઞાનઘન છે. જેમ પહેલાંના ચોખ્ખા ઘી એવા હતાં કે, શિયાળામાં

તેમાં આંગળી તો પ્રવેશ ન કરે પણ ચમચો નાંખો તો એ પણ વળી જાય એવા ઘન ઘી થતાં હતાં. તેમ આ આત્મા એવો જ્ઞાનનો ઘન છે કે તેમાં પુણ્ય-પાપના વિકલ્પો પણ પ્રવેશ કરી શકતાં નથી. શરીર અને કર્મનો તો આત્મામાં પ્રવેશ જ નથી પણ જેનાથી તીર્થંકર ગોત્ર બંધાય એવા ભાવનો પણ આત્મામાં પ્રવેશ નથી એવો આત્મા વિજ્ઞાનઘન છે તેને જાણવો પડશે.

આત્મા અતીન્દ્રિય આનંદનો કંદ છે તે અતીન્દ્રિય આનંદનો પીતાં પારઆવે તેમ નથી. અજ્ઞાની બહારમાં સુખના વલખાં નાંખી રહ્યો છે, પૈસામાંથી, સ્ત્રી પાસેથી, આબરૂથી સુખ લેવા માગે છે–ત્યાં આનંદ લેવા નીકળ્યો છો પણ તું ભૂલો પડ્યો ભાઈ! જ્યાં આનંદ છે જ નહિ ત્યાંથી આનંદ કેવી રીતે મળે? તું તારામાં જો ને! તું તો આનંદનો કંદ છો!

આત્મા પરમદેવ છે. જેની એક એક શક્તિ દિવ્ય છે, એવી અનંતી શક્તિનો સ્વામી એવો આત્મા પરમદેવ છે તેની ઉપાસના કર! તું તો દેવનો દેવ છો. વીતરાગદેવને માનવા એ પણ વિકલ્પ છે ત્યાં લોકો પદ્માવતી આદિ દેવીને માને છે એ જૈનનું લક્ષણ જ નથી, એ તો ગૃહીત મિથ્યાત્વના લક્ષણ છે. ઘણાં લોકો અંબાજીને માને છે એ પણ જૈનનું લક્ષણ નથી. ભાઈ! તું તો દેવનો દેવ છો. તારે માટે તીર્થંકરદેવ પણ વ્યવહારે દેવ છે તો બીજાં કોઈ દેવ તો તારે માથે હોઈ જ ન શકે. તું તો અનંતી ચૈતન્યચમત્કારી શક્તિનો સ્વામી છો. સ્વભાવથી જ અનંતી શક્તિ જેમાં રહેલી છે તેનું શું કહેવું! જેની એક શક્તિની બેહદતા...અનંતતા....દિવ્યતાનો પાર નથી તેનો સ્વામી એવો આત્મા પરમદેવ છે. તેનો અનુભવ કરવો તે સમ્યગ્દર્શન છે.

આત્મા સિદ્ધ સમાન છે. ''સિદ્ધ સમાન સદા પદ મેરો.'' અનાદિથી જીવનું સ્વરૂપ સિદ્ધ સમાન અનંત મહિમાવંત છે પણ એની નજરમાં આવ્યું નથી પણ નજરમાં ન આવે તેથી કાંઈ વસ્તુનું સ્વરૂપ હોય તે મટી જાય! ભગવાને જીવનું સ્વરૂપ આવું જોયું છે અને જોયું છે તેવું કહ્યું છે. જેવું ભાળે તેવું ભાખે ને!

પ્રભુ! તું અવિનાશી ભગવાન છો. અનાદિથી છો અને અનંતકાળ એવો જ રહેવાનો છો. પણ તને તારાં ઘરનાં ઘરેણાની ખબર નથી. તારાં ઘરમાં અનંત ચૈતન્યરત્ન ભરેલાં છે. સર્વજ્ઞ પરમેશ્વરદેવ કહે છે ભાઈ! તું આવા સ્વરૂપે સ્વચ્છ છો, અનંત મહિમાવંત છો પણ તને તારી ખબર નથી. જ્યાં તારે જવાનું છે ત્યાં જતો નથી અને દયા, દાન, વ્રત, તપ આદિના વિકલ્પ મારા છે, મને હિતકારી છે એમ કરીને રોકાઈ રહ્યો છો. એક સમયની દશા જેટલો પોતે પોતાને માને છે તેમાં આખી વસ્તુનો અનુભવ રહી જાય છે.

વસ્તુસ્વભાવે આત્મા શુદ્ધ હોવા છતાં જ્યારથી તે છે ત્યારથી અર્થાત્ અનાદિકાળથી તે શરીરથી બંધાયેલો છે. કેમ કે તેની ભૂલ પણ અનાદિથી છે તેથી અનાદિથી આત્મા કર્મકાલિમાથી મલિન છે. અશુદ્ધ નિશ્ચયનયે પુણ્ય-પાપના ભાવથી મલિન છે

અને અસદ્‌ભુત વ્યવહારનયથી કર્મથી આત્મા મલિન છે એમ કહેવામાં આવે છે.

જેમ સોનું ખાણની અંદર માટીથી સહિત રહે છે પણ ખરેખર સોનું માટીથી તદ્દન ભિન્ન છે તેથી ભઠ્ઠીમાં તપાવવાથી શુદ્ધ સોનુ માટીથી અલગ થઈ જાય છે તેમ, ભગવાન આત્મા ખરેખર શુદ્ધ છે, અનંત શક્તિમય છે એમ જ્યાં માહાત્મ્ય આવે છે અને ઉપયોગ અંતર્મુખ થાય છે ત્યાં મિથ્યાત્વના ભૂકા બોલી જાય છે અને રાગ-દ્વેષનો નાશ થઈ જાય છે. આવું સ્વરૂપ છે પણ એને ખબર નથી.

શ્રોતા :– એ ખબર પડ્યા પછી શું કરવું? વ્યવહાર કરવો?

પૂજ્ય ગુરુદેવશ્રી :–એ ખબર પડ્યા પછી તેમાં ઠરવાનું છે, બીજું કાંઈ કરવાનું નથી. વ્યવહારનો વિકલ્પ આવશે તે જાણેલો પ્રયોજનવાન છે, આદરવા માટે પ્રયોજનવાન નથી, કરવા માટે પ્રયોજનવાન નથી.

આ વાત તો જેને સ્વભાવની જાગૃતિમાં વીર્ય કામ કરે છે તેને અસર કરે તેમ છે. પોતાના વીર્ય વગર તો જેમ નબળાં ઢોરને સાંગડા નાંખીને ઊભા કરે તોપણ ઉલટાં પડે અને પછાડ લાગે તેના જેવું થાય.

અહીં તો છેલ્લાં તબક્કાની વાત લીધી છે એટલે સમ્યક્તપ કહેતાં શુક્લધ્યાનની અગ્નિ દ્વારા જીવાત્મા શુદ્ધ થઈ જાય છે અને કર્મકાલિમા દૂર થઈ જાય છે એમ કહ્યું પણ શુક્લધ્યાનની પહેલાં ધર્મધ્યાનરૂપી અગ્નિમાં–પુણ્ય-પાપ ભિન્ન પડી જાય છે. હજુ સત્તામાં રહે છે પણ જ્ઞાની તેને મારાપણે ભોગવતાં નથી. પછી સ્વરૂપમાં ધ્યાનાવલી લગાવતાં અસ્થિરતાનો પણનાશ થઈને એકલો શુદ્ધ આત્મા રહી જાય છે અને કર્મકાલિમા જુદી થઈ જાય છે.

જેવી રીતે ઝવેરી કાદવવાળા સોનાને ઓળખીને સોનાની કિંમત દે-લે છે તેવી જ રીતે જ્ઞાનીઓ અનિત્ય અને મળથી ભરેલાં શરીરમાં પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ આનંદમય પરમાત્માનો અનુભવ કરે છે. પહેલાંના જમાનામાં લાખવાળા દાગીના હોય તેનો તોલ કરવા માટે ત્રાજવા પાણીમાં રાખીને તોલતાં જેથી સોનાનું વજન આવે, લાખનું ન આવે તેમ, જ્ઞાનીઓ સમ્યગ્જ્ઞાન વડે આત્માને ઓળખે છે તેમાં પુણ્ય-પાપ હોવા છતાં તેને ગણતરીમાં લેતાં નથી–જ્ઞાનીને પુણ્ય-પાપની કિંમત આવતી નથી, તેને તો ચૈતન્યચમત્કારની એકલાની જ કિંમત આવે છે.

જ્ઞાની જાણે છે કે આ શરીર તો અનિત્ય છે અને મળથી ભરેલું છે, પુણ્ય-પાપભાવ પણ અનિત્ય અને મલિન છે. તેનો અનુભવ જ્ઞાની કરતા નથી. જ્ઞાની તો શુદ્ધ ચૈતન્યનો અનુભવ કરે છે, વ્યવહારનો અનુભવ કરતાં નથી. અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદથી પૂર્ણ ભરેલાં આત્માને અનુભવતાં જ્ઞાની શરીરને કે રાગને અનુભવતાં નથી. દયા, દાન, વ્રત, ભક્તિ, જાત્રા આદિ શુભક્રિયાપણ મારી નથી મારે તો મારા ધ્યાનમાં મારા જ્ઞાનાનંદને અનુભવવો એ મારી ક્રિયા છે એમ જ્ઞાની જાણે છે.

પરમેશ્વરના માર્ગે જવું હોય તેણે પહેલા 'નિર્ણય' ના બારણાં ખખડાવવા પડશે. 'આત્મા પૂર્ણ જ્ઞાનાનંદ મહાપ્રભુ છે' એમ પહેલા નિર્ણયમાં લેવું પડશે, પછી અનુભવ થશે.

શ્રોતા :–સ્વની ઉપલબ્ધિ તો પ્રસિદ્ધ છે! નિરંતર પોતે તો છે જ!

પૂજ્ય ગુરુદેવશ્રી :–સ્વની ઉપલબ્ધિ ક્યાં હતી! નિરંતર અજ્ઞાનની ઉપલબ્ધિ છે. ચોવીશ કલાક 'રાગ તે હું અને હું તે રાગ' એવા અજ્ઞાનની ઉપલબ્ધિ છે. આત્માની ઉપલબ્ધિ હોય તો તો અતીન્દ્રિય જ્ઞાન અને આનંદની પ્રાપ્તિ હોય. એ તો નથી, તો આત્માની ઉપલબ્ધિ કેમ હોય!

શ્રોતા :–જ્ઞાનસ્વરૂપ આત્મા તો નિરંતર છે ને?

પૂજ્ય ગુરુદેવશ્રી :–હા, આત્મા તો છે પણ કોને કે જે તેને સેવે છે તેને માટે આત્મા છે. જ્ઞાનની સેવા કરે છે તેને માટે આત્મા છે. રાગને સેવે છે તેને આત્માનો અનુભવ નથી. જ્ઞાનસ્વરૂપ આત્મા નિરંતર હોવા છતાં જેને તેની દૃષ્ટિ નથી, દશા બદલાણી નથી તેને આત્માની ઉપલબ્ધિ એક સમયમાત્ર પણ નથી. જ્ઞાનની અનુભૂતિ થાય–પોતાની દશામાં આત્મા જેવો છે તેવો અનુભવમાં આવે તેને આત્માની ઉપલબ્ધિ છે. માત્ર વાતોથી કાંઈ આત્માની ઉપલબ્ધિ નથી.

આ 'પ્રશ્નનારદ' (એકભાઈ) પ્રશ્ન પૂછવા માટે પ્રખ્યાત છે અને પુરાણમાં જે નારદ આવે છે તે કુસંપ કરાવવા માટે પ્રખ્યાત છે. રામચંદ્રે સીતાજીને વનમાં તજી દીધા પછી બે પુત્રોનો જન્મ થયો તે મોટા થયા ત્યારે નારદ જ તેને ખબર આપે છે કે આ રામ–લક્ષ્મણ તમારાં પિતા અને કાકા છે. તેણે તમારી માતાને તજી દીધી હતી. આ સાંભળી લવ-કુશ પિતા સામે લડવા તૈયાર થાય છે. લડાઈ શરૂ થાય છે ને રામ-લક્ષ્મણના તીર નકામાં જાય છે ત્યારે તેને શંકા પડી જાય છે કે બલભદ્ર અને નારાયણ બીજા પાક્યાં કે શું! ત્યારે નારદ લડાઈ બંધ કરાવે છે અને પિતા-પુત્રોનું મિલન થાય છે. (નારદ ઉપરથી આ પ્રસંગ યાદ આવી ગયો) જ્યારે લક્ષ્મણનું મૃત્યુ થાય છે અને રામ તેના મડદાંને લઈને ફરે છે એ વખતે લવ-કુશને વૈરાગ્ય આવી જાય છે ને પિતા પાસે રજા માગે છે કે પિતાજી! અમને રજા આપો! આનંદકંદમાં રમવા માટે અમારો અવતાર છે. અહા! ધન્ય અવતાર! ધન્ય એ દશા! આત્માની જીત માટે આ મનુષ્યભવ છે. તેને બીજાં કોઈ વિષયમાં વેડફી નાંખવા જેવો નથી.

અહીં બનારસીદાસજી દ્રષ્ટાંત આપે છે કે, જ્યારે કપડાં ઉપર મેલ જામી જાય છે ત્યારે કપડું મલિન કહેવાય છે, લોકો તેની ગ્લાનિ કરે છે અને નિરુપયોગી બતાવે છે પણ વિવેકદૃષ્ટિથી વિચારવામાં આવે તો કપડું પોતાના સ્વરૂપથી સ્વચ્છ છે, મેલ તો કપડાથી જુદી ચીજ છે. તેથી સાબુ અને પાણીનું નિમિત્ત મળતાં મેલ કપડાંથી જુદો પડી જાય છે. જો કપડાં સાથે તન્મય હોય તો જુદો ન પડી શકે. જુદો હતો માટે જુદો પડી જાય છે.

કપડાંની જેમ કર્મ અને રાગથી સહિત આત્માને મલિન કહેવો તે વ્યવહારનયનો

વિષય છે. આત્માને મેલવાળો માનવો અને તેની ગ્લાનિ કરવી અને તેને નિરુપયોગી માનવો તે અજ્ઞાન છે. મલિનતા છે તે જાણવી ખરી પણ તેને આત્માથી તન્મય ન માનવી. આત્મા તેનાથી જુદો છે અને જુદો પડી શકે છે.

શ્રોતા :–વ્યવહારનું જ્ઞાન પણ સમ્યગ્જ્ઞાન છે ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :–શુદ્ધસ્વભાવના જ્ઞાન વગરનું એકલા વ્યવહારનું જ્ઞાન તે અજ્ઞાન છે. આત્માનો અનુભવ થાય પછી તેના જ્ઞાનને સમ્યક્ કહેવાય. નિશ્ચય શુદ્ધ જ્ઞાનાનંદ સ્વભાવનું જ્ઞાન થયાં પછી પર્યાયમાં રહેલી મલિનતાને જ્ઞાની વ્યવહારથી જાણે છે. તેનાથી હું મલિન થઈ ગયો છું એમ માનતાં નથી.

અરે! આ ચૈતન્યબાદશાહ પામર થઈને પડ્યો છે–મારે બીડી વિના ન ચાલે, મારે ગરમ ગરમ રોટલી વિના ન ચાલે....આ અમૃતના ઓડકાર લેનારો આત્મા દુર્ગંધના ઓડકારમાં પડ્યો છે એ તેની મૂઢતા છે. અહો! આત્મા આનંદ સ્વરૂપ છે તેનો સંગ છોડીને આ સ્ત્રીના સંબંધ ક્યાં ઊભા કર્યાં! ભાઈ! તારાં સ્વરૂપમાં એ સંગ નથી. સંગનો રાગ પણ તારાં સ્વરૂપમાં નથી.

રાગ અને કર્મની મલિનતા હોવા છતાં મારો પ્રભુ તેનાથી ભિન્ન છે એમ જોવું તે નિશ્ચયનયનો વિષય છે. હું રાગથી ભિન્ન છું એવું પરલક્ષી જ્ઞાન થાય તે પણ મૂળ વસ્તુ નથી પણ સ્વના લક્ષપૂર્વક, સ્વના આશ્રયપૂર્વક જે જ્ઞાન થાય અને જેમાં આનંદ આવે તે મૂળ વસ્તુ છે.

અભિપ્રાય એ છે કે જીવને ખરેખર કર્મકાલિમા લાગતી જ નથી. જેમ મેલ ખરેખર કપડાંની અંદર પેસી ગયો નથી ઉપર જ છે તેમ ઉપરથી–સંયોગમાં જીવ શરીર અને કર્મથી બંધાયો છે તે બંધન, ભેદજ્ઞાનરૂપી સાબુ અને સમરસરૂપી નીર–જળથી છૂટું પડી જાય છે. રાગ અને પુણ્ય-પાપથી આત્માને ભિન્ન જાણતાં જે સમતા પ્રગટે તેનાથી આત્માનો મેલ ધોવાઈ જાય છે. આ ખરી સામાયિક છે, તેના ભાન વિના ગમે તેટલી ક્રિયા, વ્રત, તપ, જપ કરે તોપણ તે બધા એકડાં વિનાના મીંડા છે.

ચૈતન્ય ચક્રવર્તી મહારાજાનું જેને જ્ઞાન નથી, રાગથી ભેદજ્ઞાન નથી અને ભેદજ્ઞાન વડે સમતારૂપી શાંતિ જેને પ્રગટ થઈ નથી તે રાગાદિ મેલથી જુદાં પડી શકતાં નથી.

તાત્પર્ય એ છે કે, જીવને દેહથી ભિન્ન શુદ્ધ-બુદ્ધ જાણવાવાળો નિશ્ચયનય છે અને શરીરથી અભિન્ન, રાગ-દ્વેષ-મોહથી મલિન, કર્મને આધીન કહેવાવાળો તે વ્યવહારનય છે. બીજાને આ વાત સમજાવવી તે જ્ઞાન નથી, તે માત્ર વિકલ્પ છે. અંદરમાં જ્ઞાનાનાંદ સ્વભાવ તરફ ઝુકાવ થઈને જે જ્ઞાનાનંદ પ્રગટ થાય તે સાચું જ્ઞાન અને આનંદ છે. આનંદ સહિત જ્ઞાન હોય તેને જ નિશ્ચયનય કહેવાય છે.

પ્રથમદશામાં આ નયજ્ઞાન દ્વારા જીવની શુદ્ધ અને અશુદ્ધ પરિણતિને સમજીને પોતાના શુદ્ધ સ્વરૂપમાં લીન થવું તેનું નામ અનુભવ છે, તેનું જ નામ ધર્મ છે. છકાયની દયા પાળવી, કંદમૂળ ન ખાવા, ચોવિહાર કરવો એવા વિકલ્પ હોય પણ તે ધર્મ નથી. છ કાયના જીવો, જીવે કે મરે તે પોતાના કારણે જીવે અને મરે છે. આ જીવના કારણે બીજા જીવનું જીવન કે મરણ થતું નથી. છતાં હું તેને જીવાડું છું એ માન્યતા ભ્રમરૂપ છે. તત્ત્વોની ભિન્નતા અને અનેકતાની ખબર નથીતેથી એવો ભ્રમ થાય છે. અનેક તત્ત્વો અનેકપણે પોતાના કારણે રહ્યા છે તેને બીજું તત્ત્વ રાખે કે મારે એવું તત્ત્વનું સ્વરૂપ જ નથી. અજ્ઞાની જીવ માત્ર બીજાને હું મારું કે જીવાડું એવો અજ્ઞાનમય અભિપ્રાય કરે છે.

પર્યાયમાં રાગની અશુદ્ધતા છે તેનું જ્ઞાન કરીને પછી તેનાથી ખસીને શુદ્ધ ચૈતન્ય ભગવાનના સ્વભાવનો અનુભવ કરવો તે તાત્પર્ય છે, તે સાર છે. જીવ જાણ્યાનો આ સાર છે પણ જેણે આ સાંભળ્યું ન હોય તેને નવાઈ લાગે. લોકોએ તો સંપ્રદાયમાં પોષા કરો, આઠમ-ચૌદશ ઉપવાસ કરો, કંદમૂળ ન ખાઓ, છ પર્વમાં બ્રહ્મચર્ય પાળો તે ધર્મ છે એવું સાંભળ્યું હોય તેથી આ ધર્મની વ્યાખ્યા નવી લાગે.

અનુભવ થયા પછી તો નયોનો વિકલ્પ પણ રહેતો નથી. આ પર્યાય અશુદ્ધ છે ને હું ત્રિકાળ શુદ્ધ છું એવો ભેદરૂપ વિકલ્પ પણ અનુભવમાં રહેતો નથી. જ્યાં વિકલ્પનો પણ આશ્રય નથી ત્યાં બીજાં કોનો આશ્રય હોય! ત્રણલોકના નાથ તીર્થંકરદેવ ફરમાવે છે કે, તને તારું શરણ છે, તું પોતે જ વીતરાગમૂર્તિ છો, તારો પુરુષાર્થ તારા હાથમાં છે કોઈ બીજું તને પુરુષાર્થ કરાવી નહિ દે.

શ્રોતા :–શ્રીમદ્જીએ કહ્યું છે ને કે તને સમ્યક્ત્વ થયા પછી ૧૫ ભવમાં મોક્ષ ન થાય તો મારી પાસેથી લેજે.

પૂજ્ય ગુરુદેવશ્રી :–તેનો અર્થ એ છે કે, આવી દશા થયા પછી ૧૫ ભવમાં મોક્ષ થાય જ. ન થાય એમ બને જ નહિ એમ કહેવું છે.

આત્મામાં અનંતગુણો કેવી રીતે છે, તેની અવસ્થા શું છે, તે કેમ પ્રાપ્ત થાય એ બધું જાણવા માટે પ્રથમ અવસ્થામાં સાધક છે–જરૂરી છે. વસ્તુને સિદ્ધ કરવા માટે નયના વિકલ્પો હોય છે પણ જ્યાં અનુભવ થાય છે ત્યાં કોઈ નયના વિકલ્પો કામ કરતાં નથી. અનુભવમાં કોઈ નયનું કામ નથી.

તમને તમારાં ધંધામાં કેટલા પૈસાની આવક થઈ, કેટલો ખર્ચ થયો, કેટલો લાભ થયો તે બધી ખબર હોય પણ તમારા નિજઘરમાં શું શું ભર્યું છે તે ખબર ન હોય!! આત્મા અનંતગુણોનો સમૂહ છે તેમાં જ્ઞાન, દર્શન, વીતરાગતા આદિ અનંતગુણો છે તેનું વિસ્તારથી વર્ણન હવે પછી કરીશું. *(ક્રમશઃ)*

# નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ

[શ્રી પંચાસ્તિકાય ગાથા ૧૭૨ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન]

આ આત્મા જ્ઞાન-દર્શન-ચારિત્રસ્વભાવથી ભરેલો પદાર્થ છે, તેનાં જ્ઞાન-દર્શન-ચારિત્ર ક્યાંય બહારથી, રાગથી કે નિમિત્તથી પ્રગટ થતાં નથી. પોતાના સ્વભાવના અવલંબને જ જ્ઞાન-દર્શન-ચારિત્રની પર્યાય પ્રગટ થાય છે. આમ પોતાના આત્માનું જેને જ્ઞાન થયું છે તથા તેમાં સ્થિરતા થઈ છે એવા જીવને નિશ્ચય-વ્યવહાર કેવા હોય તેનું આ વર્ણન છે. ધર્મી જીવને સ્વરૂપની શ્રદ્ધા તો એક ક્ષણ પણ ખસતી નથી પણ હજી પૂર્ણ વીતરાગી સ્થિરતા પ્રગટી ન હોય ત્યાં બાર વ્રત, પંચમહાવ્રત વગેરે શુભભાવ હોય છે ને તે વ્રતાદિમાં કાંઈ દોષ લાગે તો તેનું પ્રાયશ્ચિત લ્યે છે. ખરેખર તો ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ આત્મા તે જ પ્રાયશ્ચિતસ્વરૂપ છે. તેમાં લીનતા કરવી તે પ્રાયશ્ચિત છે પણ દોષ લાગ્યા તેનું પ્રાયશ્ચિત લીધું–એમ ઉપચારથી કહેવાય છે. દોષ લાગ્યા તે તો પ્રાયશ્ચિત વખતે વ્યય થઈ ગયા છે પણ સ્વભાવના અવલંબન પૂર્વક શુભરાગ છે ને અશુભરાગ નથી થતો–તે અપેક્ષાએ પ્રાયશ્ચિત કહેવાય છે. ગુરુ પાસે જઈને સરળતાથી કહે છે કે પ્રભો! મને અમુક વિકલ્પ આવી ગયો અને અમુક દોષ લાગ્યો! એમ સરળભાવે કહે છે, તેમાં વાણી તો જડના કારણે નીકળે છે, તે વખતે શુભવિકલ્પ આવ્યો છે ને ધ્રુવસ્વભાવનું અવલંબન પણ વર્તે છે એટલે શુદ્ધતાનો અંશ વધતો જાય છે.

શુભરાગ આવ્યો તે સાધન અને આત્માની શુદ્ધ વીતરાગદશા તે સાધ્ય–એમ કહેવું તેમાં ભિન્ન સાધન-સાધ્ય છે. રાગ છે તે આત્મસ્વરૂપથી ભિન્ન છે, વ્યવહારરત્નત્રયને નિશ્ચયરત્નત્રયનું સાધન કહેવું તેમાં પણ સાધન-સાધ્ય ભિન્ન ભિન્ન છે, નિશ્ચયથી તો ધ્રુવ કારણપરમાત્માના અવલંબને જ નિશ્ચયરત્નત્રય પ્રગટે છે. તેમાં વચ્ચે ભૂમિકા અનુસાર વ્યવહારરત્નત્રયનો શુભરાગ હોય છે. બહારમાં દેહની ક્રિયા થાય તે તો આત્માની નથી. શરીરની ક્રિયા તો આત્માથી જુદી છે જ ને અહીં તો કહે છે કે વ્યવહારરત્નત્રયના વિકલ્પો તે પણ શુદ્ધાત્મસ્વરૂપથી ભિન્ન છે, તેને ઉપચારથી સાધન કહેવાય છે, કેમકે તે વખતે સ્વભાવનાં નિશ્ચય શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર સાથે વર્તે છે. જેમ ધોબી મલિન વસ્ત્રને પથ્થર ઉપર પછાડીને ધૂવે છે ત્યાં તેને વસ્ત્રની સ્વચ્છતાનો ખ્યાલ છે, તેમ અંદરમાં શુદ્ધ દ્રવ્યસ્વભાવનું જેને ભાન વર્તે છે ને તેનું અવલંબન વર્તે છે એવા જીવને વચ્ચે વ્યવહારરત્નત્રય આવે છે, તે વ્યવહારરત્નત્રયથી શુદ્ધતા પ્રગટે છે એમ ઉપચારથી કહેવાય છે. જ્ઞાયકસ્વરૂપથી ભરેલો આત્મા છે. તેમાં રાગ શું કરે? સ્વભાવની પ્રતીત થઈને પછી તેમાં એકાગ્રતાથી શાંતિ વધતી જાય છે ને વ્રતાદિનો ભાવ ભૂમિકા અનુસાર આવે છે; ત્યાં રાગ અને સ્વભાવ ભિન્ન છે. દૃષ્ટિમાં તો સમ્યગ્દૃષ્ટિને સદાય અભેદસ્વભાવની જ મુખ્યતા છે ને ભેદની ગૌણતા છે. જો દૃષ્ટિમાં નિશ્ચયની મુખ્યતા ખસે તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે.

અહીં તો ચારિત્રની અપેક્ષાએ મુખ્યતા અને ગૌણતાની વાત છે. ચોથા-પાંચમા ગુણસ્થાને શુભરાગ હોય છે તેથી ત્યાં વ્યવહારની મુખ્યતા કહેવાય છે ને સાતમા ગુણસ્થાનથી નિર્વિકલ્પ અનુભવમાં ઠર્યો ત્યાં નિશ્ચયની મુખ્યતા છે. દૃષ્ટિમાં તો ચોથા ગુણસ્થાનથી પણ અભેદની જ મુખ્યતા છે; અભેદના આશ્રય વિના મોક્ષમાર્ગ કેવો?

છઠ્ઠા ગુણસ્થાન સુધી જિન-આજ્ઞા વગેરેનું લક્ષ હોય છે. તે શુભરાગ છે, પણ સાતમા ગુણસ્થાને સ્વરૂપમાં ઉપયોગ ઠરતાં જિન-આજ્ઞાનું લક્ષ છૂટી ગયું, ભિન્ન સાધ્યસાધન છૂટીને અભિન્ન સાધ્યસાધન પ્રગટી ગયા, સ્વરૂપમાં સાવધાન થઈને અંતરંગ ગુપ્તદશા પ્રગટી, ત્યાં બાહ્ય ક્રિયાકાંડના વિકલ્પો હોતા નથી, દેવ-શાસ્ત્ર-ગુરુનું લક્ષ પણ છૂટી ગયું છે; પંચમહાવ્રતના વિકલ્પો પણ બહિરંગભાવ છે, અંતરસ્વરૂપમાં ગુપ્ત થતાં તે પંચમહાવ્રતના વિકલ્પો પણ છૂટી જાય છે. ત્યાં તો પરમ ચૈતન્યસ્વભાવ દ્વારા સુંદર પરિપૂર્ણ પરમાનંદસ્વરૂપ ભગવાન આત્મામાં સ્થિરતા કરે છે—આવો જીવ નિશ્ચય મોક્ષમાર્ગને અવલંબનારો છે. શ્રદ્ધામાં તો ચોથા ગુણસ્થાનથી જ નિશ્ચયનું અવલંબન છે, ચોથા ગુણસ્થાને પણ નિશ્ચય સમ્યગ્દર્શન છે, તેનાથી અનંત સંસારનો નાશ થાય છે. વ્યવહારરત્નત્રયનો શુભરાગ તે તો ઉદયભાવ છે, એકલા વ્યવહારથી સંસારનો નાશ થાય નહિ, કેમકે વ્યવહારરત્નત્રય પોતે સંસાર છે. નિશ્ચયરત્નત્રય સહિતનો વ્યવહારરત્નત્રયનો ભાવ તે પણ ખરેખર સંસાર છે, તેનાથી રહિત ચિદાનંદ સ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાન-લીનતા તે જ મોક્ષનો ઉપાય છે, સમ્યગ્દર્શન ખરેખર સરાગ હોતું નથી, રાગ તો ચારિત્રનો દોષ છે. સમ્યગ્દર્શનમાં રાગ હોતો નથી. રાગ કાંઈ સમ્યગ્દર્શનને નુકશાન કરતો નથી. રાગ હોવા છતાં ક્ષાયિક સમ્યગ્દર્શન પણ હોય. આ ચોથા ગુણસ્થાનની વાત છે. ત્યાં હજી સ્વરૂપમાં સ્થિરતાનો વીતરાગભાવ છે ને શુભરાગ વર્તે છે. તે અપેક્ષાએ ચારિત્રમાં વ્યવહારનું અવલંબન છે. પછી સ્વરૂપના અવલંબનમાં ઠરતાં રાગ છૂટી ગયો—ત્યાં નિશ્ચયનું અવલંબન છે. સ્વભાવના અવલંબને એ રીતે મોક્ષમાર્ગમાં નિશ્ચય-વ્યવહારનું વર્ણન કર્યું. હવે જેને અંતરમાં સ્વભાવનું ભાન નથી ને નિશ્ચય વગર એકલા વ્યવહારને મોક્ષમાર્ગ માની લ્યે છે તેવા વ્યવહારભાસી અજ્ઞાની વાત કરે છે.

નવમી ગ્રૈવેયક સુધી જવા યોગ્ય શુભરાગ દ્રવ્યલિંગી મુનિએ કર્યો પણ તેણે કદી સ્વસન્મુખતા કરી નહિ. ભગવાનની આજ્ઞા પ્રમાણે વ્યવહાર કરો તો નિશ્ચય મોક્ષમાર્ગ થઈ જશે એ વાત ખોટી છે.

બદામ કે બ્રહ્મી આદિથી જ્ઞાનનો વિકાસ થાય છે એ માન્યતા મૂઢની છે. જિનપ્રતિમાનાદર્શન, વેદના વગેરેથી સમ્યગ્દર્શન થાય—ગુરુ-શાસ્ત્રથી લાભ થાય વગેરે પરાશ્રયની બુદ્ધિ છે. પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ, પરભાવથી લાભ-હાનિ થાય એમ માનનારની નિમિત્તાધીનદૃષ્ટિ છે.

શુદ્ધ આહાર મળે તો શરીર અને મન શુદ્ધ થાય એમ માને છે તેને સ્વદ્રવ્યાત્મક અભેદ સાધ્યસાધન નથી. હું જ જ્ઞાનાનંદ વીતરાગ સ્વભાવથી પૂર્ણ છું, તે જ સાધ્ય અને સ્વાશ્રય વીતરાગતા તે જ સાધન છે એવું ભાન નથી તે એકાન્ત વ્યવહારથી એકલો ખેદખિન્ન થાય છે તે તો નિમિત્તથી લાભ-નુકશાન માની અટક્યો છે. શુભભાવ કરે તો પણ ધર્મ નથી, શક્તિ અનુસાર વ્રત-ત્યાગ હોય છે પણ પરિણામની તાકાત જોયા વિના હઠ કરે તેને ખેદ જ થાય છે.

મુક્તસ્વરૂપ છું એવી દૃષ્ટિ નથી તેથી વારંવાર પરદ્રવ્યસ્વરૂપ ધર્માસ્તિકાય આદિની શ્રદ્ધાદિક કરે છે. ઘણાં શાસ્ત્ર ભણી લઉં–એમ પરસમન્મુખતામાં તેને ઉત્સાહ વર્તે છે. શાસ્ત્રઅભ્યાસનો નિષેધ નથી પણ ત્યાં શાસ્ત્રજ્ઞાનમાં આત્મજ્ઞાન વર્તે છે. પરલક્ષે ને પરથી જ્ઞાન માને છે, તેથી તેને ખેદખિન્ન કહ્યો છે.

અજ્ઞાનીનો આત્મા પણ અનાદિથી સહજાનંદમૂર્તિ જ્ઞાયક છે પણ તે સ્વસન્મુખ બુદ્ધિ કરતો નથી. મિથ્યાબુદ્ધિ વડે અન્યથા માને છે. એક સમયમાં નિમિત્ત છે, રાગ છે, અધૂરી પર્યાય છે અને ત્રિકાળી ધ્રુવસ્વભાવ છે. તેમાં ત્રિકાળી સ્વભાવની રુચિ છોડી નિમિત્ત, રાગ અને પર્યાયની રુચિ કરી અજ્ઞાની તેમાં રોકાઈ જાય છે.

ઘણાં શાસ્ત્રો જાણીને તેની ધારણા કરીને અનેક પ્રકારના વિકલ્પની જાળથી કલંકિત અંતરંગવૃત્તિને ધારણ કરે છે, પણ જ્ઞાન આત્મામાંથી આવે છે તેનું તેને ભાન નથી. જેને હજી ભવ્ય-અભવ્ય સંબંધમાં શંકા વર્તે છે તે જીવ વીતરાગની વાણી ભણવાને પાત્ર નથી. ભવરહિત એવા વીતરાગની વાણી જેને બેસે તેને ભવ હોય નહિ. જેને અનંતભવની શંકા વેદાતી હોય, તે જીવ ભવરહિત પુરુષની વાણીનો નિર્ણય ક્યાંથી કરી શકશે? ''ભવ્ય છું કે અભવ્ય–તે તો કેવળી જાણે'' એટલે કે હજી અનંત ભવ કરવાના હશે તો! એવી શંકા પણ જેને ટળી નથી તે જીવ સર્વજ્ઞની વાણીનો નિર્ણય કરવાનો પુરુષાર્થ કોના જોરે ઉપાડશે? ચિદાનંદ સ્વભાવની નિઃશંકતા વગર એકલા શાસ્ત્રના ભણતરથી લાભ માને–તો તે જીવ વ્યવહારાભાસી મિથ્યાદૃષ્ટિ છે, ચિદાનંદ સ્વભાવનું જેને ભાન થયું છે તેને સર્વજ્ઞદેવની નિઃશંકતા છે, ને તે વ્યવહારને તુચ્છ ગણે છે. અજ્ઞાનીને એકલો વ્યવહાર આવ્યો પણ અંતરમાં ચૈતન્યનો તો પત્તો મળતો નથી. તો એકલા શાસ્ત્રના ભણતરથી પણ તેને શું લાભ? સ્વભાવની નિઃશંકતા પ્રગટી નથી ને એકલા શાસ્ત્રના અવલંબને શુભવિકલ્પમાં રોકાયો છે તો તેની અંતરંગવૃત્તિ કલંકિત છે, તેને સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાનનો લાભ થતો નથી. બહુ તો પુણ્ય બાંધીને સ્વર્ગમાં જાય ને ચાર ગતિમાં રખડે છે પણ સ્વભાવના અવલંબન વગર કલ્યાણ થતું નથી. *(ક્રમશઃ)*

**

# વૈરાગ્યજનની : બાર ભાવના

[શ્રી સ્વામીકાર્તિકેયાનુપેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન]

આ અધિકાર ધર્માનુપ્રેક્ષાનો છે, આત્માનો વિચાર કરતાં મુનિનો ધર્મ કેવો હોય તેનો વિચાર કરે છે, મુનિદશામાં સ્વભાવનું ભાન હોય છે ને રાગ ઘટતો જાય છે ને સંવર વધતો જાય છે. પુણ્ય ઈચ્છવા જોગ નથી એમ બતાવે છે. હવે શિષ્ય પ્રશ્ન કરે છે.

પ્રશ્ન :—અધ્યાત્મગ્રંથોમાં પુણ્યનો નિષેધ કર્યો છે, આત્મા શુદ્ધ ચિદાનંદ છે, જ્ઞાન જ વસ્તુ છે, તેનો જ આદર હોવો જોઈએ, તેની રુચિ કરી આદર કરવો એકાગ્ર થવું તે ધર્મ છે, પુણ્યનો આદર કરે તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે એમ અધ્યાત્મ ગ્રંથોમાં કહ્યું છે, વળી પુરાણોમાં પુણ્યનો મોટો અધિકાર છે. ભગવાને પણ પુણ્યની વાત કરી છે, પુણ્ય મોટી ચીજ છે, પુણ્યથી માણસો આવકાર આપે, નિરાંતે ધર્મ થાય તેમ જ ઈન્દ્રિય સુખનાં સાધનો મળે છે, સારી સંગતિ મળે, ત્રિલોકનાથ તથા તેની વાણી પૂર્વના પુણ્યથી મળે છે. નિરોગી શરીરમળે ને મોક્ષસાધનના નિમિત્તો દેવ-શાસ્ત્ર-ગુરુ વગેરે પણ પુણ્યથી મળે છે ને પાપથી તો નરક નિગોદમાં જાય તો ત્યાં મોક્ષનું સાધન પણ ક્યાંથી મળે? માટે એવા પુણ્યની વાંછા કેમ ન કરવી.

સમાધાન :—પુણ્યથી એવા નિમિત્તો મળે તે વાત તો સાચી છે પરંતુ ભોગના અર્થે પુણ્યની ઈચ્છા કરવાનો અત્યંત નિષેધ છે. પુણ્યની ઈચ્છા કરવી તે અશુભભાવ તીવ્ર કષાય છે, તેથી સારું પુણ્ય બંધાય નહિ. અહીં તપશ્ચરણ કરી, વ્રત કરીને દયા દાનાદિ પરિણામ કરી પુણ્ય બાંધી ભોગ પામે, પણ હું આત્મા જ્ઞાન સ્વભાવી છું એવી રુચિ થઈ નથી તેથી વિષયોને ભોગવશે ને તત્ત્વનો વિરોધ કરશે તો નિગોદમાં જશે ને તીવ્ર પાપ કરશે તો નરકમાં જશે.

બંધ-મોક્ષનું સ્વરૂપ શું છે તેનું જ્ઞાન થવામાં દેવ-શાસ્ત્ર-ગુરુનો યોગ મળે તેવા પુણ્ય પામે તેનો તો નિષેધ નથી. કારણ અધૂરી દશામાં એવો રાગ આવ્યા વિના રહેતો નથી. બિલકુલ એવો રાગ આવતો જ નથી એમ નથી.

શ્રોતા :—ઊંધી પ્રરુપણા કરનારો યોગ મળે ને આત્મજ્ઞાન સંભળાવનાર મળે તે બન્નેના પુણ્યમાં શું ફેર છે?

સમાધાન :—કુદેવ, કુગુરુ આદિ મળ્યા ને તેના નિમિત્તે રાગ મંદ પડ્યો તેવા પુણ્યના ફળમાં ઊંધી પ્રરુપણા કરનાર મળે છે ને સાચા દેવ તથા વીતરાગ માર્ગની અનુમોદના કરી રાગ મંદ પાડેલા હોય તેના પુણ્યના ફળમાં સાચી વાત કહેનારા મળે છે છતાં એવો યોગ અનંતવાર મળી ચૂક્યો, દિવ્યધ્વનિ સાંભળેલી પણ નિમિત્ત ને રાગ વિનાના આત્માની રુચિ વિના સાચું જ્ઞાન થયું નહિ.

પુણ્યથી મોક્ષ સાધવાની સામગ્રી મળે એવો ઉપાય રાખે એટલે કે ધર્મી જીવને સ્વરૂપની પૂર્ણ શુદ્ધિ ન થાય ત્યાં સુધી તેવો વિકલ્પ આવે છે. મારો આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે તેમાં નિમિત્તરૂપે ભગવાન મળે તેવી ઈચ્છામાં પણ પરંપરા મોક્ષની ઈચ્છા છે. આત્માના શુદ્ધ સ્વભાવની પ્રધાનતા છે, પુણ્યની ઈચ્છા નથી. એક માણસ પૈસા વિના જૈનશાળા જમાડે, સંઘ જમાડે પણ તેના ખર્ચના પૈસા ચૂકવતો નથી તો જેમ તે માણસ ઠગ છે તેમ શુદ્ધ આત્મા કોણ છે તેની રુચિ વિના પુણ્ય ભેગું કરવા માગે તે ઠગ છે.

પુરાણોમાં પુણ્યનો અધિકાર છે ત્યાં પણ પુણ્યનો અભાવ કરી મોક્ષની શુદ્ધતા લાવ એમ કહ્યું છે પણ પુણ્યથી મોક્ષ થાય એમ કહ્યું નથી. પુણ્ય હશે તો દેવમાં જશું ને ત્યાંથી ભગવાન પાસે જશું ને ભગવાનની વાણી સાંભળશું એમ કેટલાક કહે છે. અહીં પુણ્યની રુચિ કરી ભગવાનનો વિરોધ કરે છે તથા વિરોધ લઈને કેટલાક તો જાય છે તો ભગવાન પાસે તે શું સમજવાનો હતો! માટેપુણ્યની રુચિ છોડી આત્માની રુચિ કર, એમ કહી સંસારનો ત્યાં નિષેધ કર્યો છે.

રાગ રહિત આત્માનો સ્વભાવ તે ધર્મ છે. મુનિના ધર્મના દસ દિવસો ભાદરવા સુદ પાંચમથી ચૌદસ સુધી આવે છે, દશલક્ષણ ધર્મ છે તે દયાપ્રધાન છે. રાગ રહિત આત્માનો સ્વભાવ તે જ દયા છે. એવી આત્મદયા એ જ સમ્યગ્દર્શનનું મુખ્ય ચિહ્ન છે. રાગ અથવા પુણ્ય સમકિતનું ચિહ્ન નથી કારણ કે સમ્યક્ત્વ નવ તત્ત્વાર્થોના જ્ઞાનપૂર્વક શ્રદ્ધાન સ્વરૂપ છે, હું જીવ છું તેમ બીજા જીવો પણ છે. બીજા જીવને હું બચાવી શકું કે મારી શકું એ વાત છે જ નહિ. તેમ અજીવને અજીવ માને; પુણ્યને પુણ્ય માને; પાપને પાપ માને; આસ્રવને આસ્રવ, બંધને બંધ, સંવરને સંવર, નિર્જરાને નિર્જરા, મોક્ષને મોક્ષ માને, આમ શુદ્ધ ભાવને શુદ્ધ સ્વીકારવો, પુણ્ય વગેરેને બંધના કારણ સ્વીકારવા, બીજા જીવોને સ્વતંત્ર માનવા તે અહિંસા છે. હું પરને મારી શકું કે બચાવી શકું એમ માનનારે જીવને જ્ઞાનસ્વરૂપ ન માન્યો, શુભરાગથી ધર્મ માન્યો તે હિંસા છે, જીવને અનાદિથી એવી ઊંધી વાત બેઠી છે. આત્મા જ્ઞાનસ્વભાવી છે, જ્ઞાનની મૂર્તિ છે, એમ જ્ઞાનમાં પકડાયા વિના લાખ વ્યવહાર કરે તો તેમાં કાંઈ માલ નથી. વીતરાગ દેવ કહે છે કે અમે તમારાથી પર છીએ, વાણી પર છે. તારો શુભરાગ પણ તારા શુદ્ધ ચૈતન્યથી પર છે તેથી તને લાભ નથી. તારા શુદ્ધ ચૈતન્યના આશ્રયે લાભ છે, એમ જીવને જીવપણે, પુણ્યને પુણ્યપણે વગેરેને નવ તત્ત્વોને ભેળશેળ થવા ન દે એવા જ્ઞાનપૂર્વક શ્રદ્ધા તે સમ્યક્ત્વ છે, તેનું એંધાણ તે દયા છે, તે અરાગી તત્ત્વ છે. પર તરફની રાગની ને નિમિત્તની સંધિ તોડે ને સ્વભાવની સંધિ જોડે તે સમકિતના સ્વરૂપના ચિહ્ન છે.

આમ હોય તો સર્વ જીવોને પોતા સમાન અવશ્ય જાણે કે બધા જીવો શક્તિએ સમાન છે, ''તેઓને દુ:ખ થાય તો પોતાના દુ:ખ માફક જાણે'' એટલે કે પોતાના નિમિત્તે સામા

જીવને દુઃખ થાય તો સમજે કે મને હજી રાગ છે એમ સામા જીવને હજી રાગ છે એટલે તેઓની કરુણા અવશ્ય થાય. અહીં કરુણાનો અર્થ સમજવા જેવો છે. પોતાનો આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે એવું જ્ઞાન થતાં નવે તત્ત્વની યથાર્થ શ્રદ્ધા-જ્ઞાન થાય છે. પોતાનો આત્મા સ્વભાવે પરિપૂર્ણ ભગવાન છે ને પર્યાયમાં રાગ છે પણ તે રાગ સ્વભાવમાં નથી—એમ સમજી અનંતા જીવો પણ દ્રવ્યે પરિપૂર્ણ ભગવાન છે ને પર્યાયમાં રાગ છે એમ જેવા છે તેવા સમજણમાં રાખવા માટે તે કરુણા છે. એવી જીવની સત્તાની કબૂલાત તે જીવની કરુણા છે. તે જીવ તેના શરીરને રાખી શકતો નથી તો તું તેના શરીરને કેવી રીતે રાખી શકે છે? ચૈતન્ય સ્વભાવ પરિપૂર્ણ છે ને ક્ષણિક પર્યાયમાં અપૂર્ણ છે એવી પ્રતીતિ ને જ્ઞાન કરવા તે કરુણા છે.

પરની દયા પાળી શકું છું એમ જે માને છે તેણે પર્યાય સ્વતંત્ર માની નહિ, તેથી પોતાના સ્વભાવનો ઘાત કર્યો.

જ્યારે પોતાના આત્માને શુદ્ધ સ્વરૂપ જાણે ત્યારે રાગદ્વેષાદિ દુઃખરૂપ જાણે ને તે ભાવોથી પોતાનો ઘાત જાણે ત્યારે કષાયભાવોના અભાવને પોતાની દયા માને ને બીજાને દુઃખ થાય એવા ભાવ થવા ન દે તે પરની દયા છે એ પ્રમાણે અહિંસાને ધર્મ જાણે તથા હિંસાને અધર્મ માને અને એવું શ્રદ્ધાન તે જ સમ્યક્ત્વ છે. તેના નિઃશંકાદિ આઠ અંગ છે તેને જીવદયા ઉપર જ લગાવીને અહીં કહે છે :–

પ્રથમ નિઃશંકિત અંગ કહે છે.

**किं जीवदया धम्मो जण्णे हिंसा वि होदि किं धम्मो ।**
**इच्चेवमादिसंका तदकरणं जाण णिस्संका ॥४१४॥**

અર્થ :–આમ વિચાર કરે કે શું જીવદયા ધર્મ છે કે યજ્ઞમાં પશુઓનો વધ કરવા રૂપ હિંસા છે તે ધર્મ છે? ઇત્યાદિ ધર્મમાં સંશય થાય તે શંકા છે અને તેવી શંકા ન કરવી તે નિઃશંકિત (ગુણ) છે.

ભાવાર્થ :–અહીં ઇત્યાદિ શબ્દથી એમ કહ્યું છે કે દિગંબર મુનિનો જ મોક્ષ છે કે પંચાગ્નિ તપ કરે તેમનો પણ છે? જે લોકો અગ્નિમાં શરીર બાળે તેનો મોક્ષ થતો હશે એવી શંકા ધર્મીને હોતી નથી. શરીરાદિની ક્રિયા તો બાહ્યક્રિયા છે, કાંઈક રાગ મંદ કરે તે ધર્મ નથી, શુદ્ધ આત્માના ભાન પૂર્વક જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, વીર્યાચાર ને તપચાર એવા પાંચ આચાર તે પંચાગ્નિના કરનારા છે ને તે જ મોક્ષનું કારણ છે એમ નિઃશંકપણે સમજે છે.

દિગમ્બરનો મોક્ષ છે કે શ્વેતામ્બરોનો પણ છે તેવી શંકા ન હોવી જોઈએ અને તે નિઃશંકિત અંગ છે. વસ્ત્ર રાખવાનો રાગ રાખીને મોક્ષ થતો હશે કે વસ્ત્ર રહિત નિર્ગ્રંથ દશામાં મોક્ષ થતો હશે એવી શંકા ન થવી તે નિઃશંકિતપણું છે.

પ્રશ્ન :–મૂર્છા વિના વસ્ત્ર રાખે તો શું વાંધો?

સમાધાન :–મુનિની છઠ્ઠી ભૂમિકા અરાગી અહિંસા છે, તેને શરીર સિવાય કોઈપણ સંયોગો પ્રત્યે મૂર્છા ન હોય, કેવળજ્ઞાન લેવાની તૈયારી વાળા મુનિ જે ઘડીમાં સાતમી ને ઘડીમાં છઠ્ઠી ભૂમિકામાં ઝૂલે છે, આનંદમાં ઝૂલે છે, તેનેવસ્ત્રના રાગવાળી દશા હોય નહિ, રાગવાળી દશાને ચારિત્ર માનવું તે હિંસા છે.

જેવી રીતે પંચાગ્નિ તપ કરવા વાળાને દિગમ્બર મુનિ વચ્ચે ફેર છે તેવો જ ફેર દિગમ્બર અને શ્વેતામ્બર વચ્ચે છે, પરમાર્થે શ્રદ્ધા અપેક્ષાએ શ્વેતામ્બર ને પંચાગ્નિ તપ વાળામાં કાંઈ ફેર નથી હવે માર્ગમાં ઢીલાશ ચાલે તેમ નથી, સર્વજ્ઞના માર્ગમાં નિર્ગ્રંથ મુનિપણું એક જ પ્રકારે છે.

પ્રશ્ન :–પંચમકાળ છે માટે છૂટ આપવી પડશેને?

સમાધાન :–મુનિપણું પાલન ન કરી શકે તો શ્રાવક ને બ્રહ્મચારી તરીકે રહી શકે છે, દૂધપાક બનવાને વાર હોય તો છોકરાને બે કલાક ભૂખ્યો રાખીને પણ દૂધપાક તૈયાર થયે દેવાય પણ ઝેર-ગરલ પડેલો ખોરાક ખાવા અપાય નહિ. તેવી રીતે મુનિપણું પાલન ન કરી શકે તો શ્રાવક ને બ્રહ્મચારી રહે પણ વસ્ત્ર સહિત મુનિપણું મનાવી શકાય નહિ.

જેને વીતરાગનો માર્ગ સમજવો હોય તેણે દરેક વસ્તુ સમજવી જોશે. છઠ્ઠી ભૂમિકામાં રાગ કેટલો ઘટયો ને નિમિત્તનું અવલંબન કેટલું ઘટયું તે સમજવું જોઈએ. જે યથાર્થ સમજતો નથી તે દેવ-શાસ્ત્ર-ગુરુના સ્વરૂપને સમજતો નથી.

કેવળી કવળાહાર કરે છે કે નથી કરતા એવી શંકા ન કરવી તે નિઃશંકિત ગુણ છે, તીર્થંકર ભગવાનને જન્મથી રોગ, પેશાબ, વિષ્ટા ન હોય, ઇન્દ્રોને પેસાબ વિષ્ટા ન હોય તો ઇન્દ્ર જેને પૂજે તેવા તીર્થંકરને કેમ હોઈ શકે?

જે જીવો ભગવાનને આહાર માને છે ને ખોરાક મળ્યે ક્ષુધા મટે એમ માને છે તે તીર્થંકરને અશાતાનું કર્મ જોરદાર માને છે એટલે તેમના જીવે પૂર્વે એવા પ્રકારનો રાગ તોડ્યો નથી જેથી કરીને અશાતામાં તીવ્ર રસ હોય અને તેથી ભગવાન ખોરાક વિના નભી ન શકે–એમ અજ્ઞાની માને છે પણ તે વાત ખોટી છે. ચારિત્રદશા પ્રગટ કરી ધ્યાનમાં એવો રાગ તૂટી જાય છે. તેના કારણે અશાતાકર્મમાં તીવ્ર રસ રહે નહિ. લોકોએ વિચાર કરવો પડશે. છઠ્ઠા ગુણસ્થાન પછી આહાર જ હોતો નથી, વળી બીજી વાત એમ છે કે વેદનીયકર્મની ઉદીરણા વિના આહાર હોઈ શકે નહિ. જો વેદનીયકર્મના ઉદયમાત્રથી જ આહાર હોય તો દરેક સમયે આહાર હોવો જોઈએ કારણ કે વેદનીયકર્મનો ઉદય તો દરેક સમયે છે, માટે નક્કી થાય છે કે વેદનીયકર્મનો ઉદય હોવા છતાં તેની

ઉદીરણા હોય તો જ ખોરાક લેવાનો ભાવ હોય. છઠ્ઠા ગુણસ્થાન પછી ઉદીરણા છે જ નહિ તો પછી તેરમે ગુણસ્થાને ઉદીરણા ક્યાંથી હોય? ઉદયને ને ઉદીરણામાં મોટો ફેર છે, માટે ભગવાનને કવળાહાર હોતો નથી એ નિ:શંકિતપણું છે.

સ્રીનો મોક્ષ છે કે નહિ તે શંકા ન કરવી તે નિ:શંકિત અંગ છે. સ્રીને મુનિપણાનું વીર્ય જ ઊપડતું નથી. એવી જ તેની પર્યાય છે તો પછી તેને મોક્ષ ક્યાંથી હોય? ન જ હોય.

જે લોકો સ્રીને મુનિપણું મનાવે ને મોક્ષ મનાવે તે સ્વરૂપમાં શંકા લાવે છે ને તે સ્વરૂપની હિંસા કરે છે, જિનદેવે કહેલી વસ્તુ સત્ય છે કે અસત્ય છે તે શંકા ન કરવી તે નિ:શંકિત અંગ છે. મુનિદશામાં ઘણો રાગ ટળ્યો છે તેને વસ્ત્ર નિમિત્તરૂપે ન હોય ને રાગ ટળે ને વસ્ત્ર રહે તેમ બને નહિ એમ અનેકાન્ત સમજે છે તે નિ:શંકિત અંગ છે. *(ક્રમશ:)*

*

[ સાધકને આખી.... પેઈજ નંબર ૨૧ થી ચાલુ ]

આ ૭૬ મી ગાથા સમ્યગ્દષ્ટિ માટેની સ્વતંત્ર એક ગાથા હતી. તેના ઉપરથી કોઈ એમ જ અર્થ લઈ લે કે, ચોથા ગુણસ્થાને નિશ્ચયસમ્યગ્દર્શન ન હોય તો એ વાતનો ખુલાશો આ ૭૭મી ગાથામાં આવે છે. ૭૬મી ગાથામાં 'આત્મામાં રત' જીવની વાત હતી. હવે આ ૭૭મી ગાથામાં 'પર્યાયરત' જીવની વાત છે, પર્યાયરત જીવ પરસમય છે. જેની રુચિ-પ્રીતિ શરીરમાં છે તે પર્યાયરત છે, જેને રાગમાં પ્રીતિ છે તે પર્યાયરત છે, જેને પુણ્ય પરિણામમાં પ્રેમ છે તે પર્યાયરત છે. આ કોઈ દ્રવ્યમાં રત નથી.

શરીરને દુ:ખરૂપ માને છે તે પણ જડનો પ્રેમી છે. રાગ અને પુણ્યપરિણામનો પ્રેમ છે તેને શરીરનો જ પ્રેમ છે. આત્માનો પ્રેમ નથી. સ્વદ્રવ્યની દૃષ્ટિથી વિમુખ રહીને બીજા કોઈ પણ વિષયમાં જેને રુચિ છે તે દરેક જીવ પર્યાયરત છે એવા મિથ્યાદૃષ્ટિ જીવો અનેક પ્રકારના કર્મોને બાંધે છે અને સંસારમાં રખડે છે. પરમાત્માની અનુભૂતિની શ્રદ્ધાથી વિમુખ જીવની આ દશા થાય છે અને પરમાત્માની અનુભૂતિની જેને શ્રદ્ધા છે એવા નિશ્ચય સમ્યગ્દષ્ટિ સંસારમાં રખડતા નથી, કર્મોથી મુક્ત થતાં જાય છે. આ વાત વિશેષ આગળ કહેવાશે. *(ક્રમશ:)*

(વીતરાગી પેઢીમાંથી અભેદરત્નત્રયનું મહા-અમૂલું ભેટણું આપનાર ધર્મધૂરંધર ચૈતન્ય ઋદ્ધિધારી શ્રી સદ્‌ગુરુદેવનો જય હો)

*

# વૈરાગ્ય અને પુરુષાર્થ પ્રેરક પુરાણ પ્રસંગ

(અશોક-રોહિણીની કથા—વાસુપૂજ્ય ભગવાનના ગણધર અમૃતાશ્રવની કથા)

[ ગતાંકથી ચાલુ ]

જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં શકટપુર નામના દેશમાં સિંહપુર નગરમાં સિંહસેન રાજાના પુત્ર પૂતિગંધકુમારને તારી જેમ શરીરમાં બહુ જ દુર્ગંધ નીકળતી હતી.

એક વખત વિમલવદન મુનિરાજને કેવળજ્ઞાન પ્રગટ થતાં દેવતાગણ કેવળકલ્યાણક ઉજવવા આકાશમાર્ગથી જતાં હતાં. તે વખતે પૂતિગંધકુમાર રાજભવનના શિખર પર બેઠા હતા તેમણે પ્રભાથી શોભતા દેવકુમારોને જતાં જોયા અને જોતાં જ તુરત મૂર્છિત થઈ ગયા. ચંદન આદિ શીતોચાર કરતાં મૂર્છા દૂર થઈ અને તુરત તેને જાતિસ્મરણ થઈ ગયું અને પિતાની સાથે કેવળી ભગવાનના દર્શન કરવા ગયા.

કેવળી ભગવાનના ભક્તિથી દર્શન-પૂજનાદિ કરીને ઉપદેશ સાંભળવા પિતા-પુત્ર બેસી ગયા. ઉપદેશ સમાપ્ત થતાં સિંહસેન મહારાજે ભક્તિથી જિનરાજને મનોગત વાત પૂછી કે મારો પુત્ર કયા કારણે પૂતિગંધ થયો અને મૂર્છિત થઈને સચેત થઈને અહીં આવ્યો તે કૃપા કરીને કહો?

રાજાના પ્રશ્નના ઉત્તરમાં જિનરાજે કહ્યું કે તારા પુત્રે પૂર્વભવમાં મુનિરાજની હત્યા કરી હોવાથી અનેક યોનિમાં ભ્રમણ કરીને તમારે ત્યાં પૂતિગંધ થયો અને આકાશમાર્ગથી જતાં દેવકુમારોને દેખીને તેને જાતિસ્મરણ થવાથી નરકની વેદનાનું સ્મરણ થતાં ભયભીત થઈ મૂર્છિત થયો હતો.

સિંહસેન રાજા જિનરાજને પૂછે છે કે પૂર્વભવમાં પૂતિગંધે મુનિરાજની હત્યા કયા કારણે કરી હતી? જિનરાજ ઉત્તરમાં કહે છે કે વિધ્યાંચલ પર્વત ઉપર દિવ્ય અશોક વન છે. તેમાં બે મદોન્મત્ત હાથી રહેતાં હતાં. એક વખત તે બન્ને હાથીઓ તે જ પ્રદેશની વિશાળ નદીમાં ગયા અને જળને માટે પરસ્પર બન્ને લડી પડ્યા. તે એટલા જોરથી લડ્યા કે બન્ને લડતાં લડતાં મરી ગયા.

મરીને એક બિલાડો થયો બીજો ઉંદર થયો. બીજી વખત એક ભયાનક સર્પ થયો ને બીજો નોળીયો થયો. તે પછી બાજ ને બગલો થયો. તે પછી બન્ને કબૂતર થયા.

કનકપુરમાં સોમપ્રભ રાજા હતો. તેને સોમભૂતિ બ્રાહ્મણ પુરોહિત હતો. તે બંને કબૂતરો મરીને સોમભૂતિને ત્યાં પુત્ર થયા. એકનું નામ સોમશર્મા અને બીજાનું નામ સોમદત્ત હતું. તેઓ વિદ્યાભ્યાસ કરીને વિજ્ઞાનમાં પારંગત થયા. પિતા સોમભૂતિ મૃત્યુ

પામતાં, નાના પુત્ર સોમદત્તને પુરોહિત પદ મળ્યું. મોટો ભાઈ સોમશર્મા હતો તેણે નાનાભાઈ સોમદત્તની સ્ત્રી લક્ષ્મીમતિ સાથે પ્રેમસંબંધ સ્થાપેલ હતો. તેથી સોમશર્માની ભોળી પત્ની દીયર સોમદત્તને વારંવાર કહેતી કે તમારી દુરાચારીણિ સ્ત્રી સાથે મારા પતિનો અનુચિત સંબંધ છે. તે જાણીને સોમદત્તને અત્યંત વૈરાગ્ય થયો અને ધર્મસેન મુનિ પાસે જિનદીક્ષા લઈ લીધી.

જ્યારે રાજાને સમાચાર મળ્યા કે સોમદત્તે દીક્ષા લીધી છે ત્યારે તેણે તેના મોટાભાઈ સોમશર્માને પુરોહિતનું પદ આપ્યું.

શકટદેશના વસુપાલ રાજાને ત્યાં સુંદર હાથી હતો તે હાથીની સોમપ્રભ રાજાએ દૂત મોકલીને માંગણી કરી, પરંતુ વસુપાલ રાજાએ તેનો ઇન્કાર કર્યો. તેથી સોમપ્રભ રાજાએ ગુસ્સે થઈને વસુપાલ ઉપર ચઢાઈ કરી.

સંધ્યા સમયે રાજાની સેનાએ વનમાં પડાવ નાખ્યો. પુરોહિત સોમશર્માની ધ્યાનસ્થ સોમદત્ત મુનિરાજ ઉપર નજર પડી. મુનિરાજને દેખતાં જ સોમશર્મા ક્રોધથી લાલપીળો થઈ ગયો અને સોમપ્રભ રાજાને કહ્યું કે આપણે બળવાન રાજા ઉપર ચઢાઈ કરવા નીકળ્યા છીએ ત્યારે આ નગ્ન મુનિના દર્શનથી અપશુકન થયા છે તેથી આ મુનિને મારીને તેનું લોહી દશે દિશાને અર્પણ કરી શાંતિવિધાન કરીએ. પુરોહિતના હિંસામય વચન સાંભળી રાજાએ કાન બંધ કરી દીધા ત્યારે એક નિમિત્તજ્ઞ વિશ્વદેવ બ્રાહ્મણે રાજાને કહ્યું કે રાજન્! સોમશર્માને શુકન-અપશુકનની કાંઈ ખબર પડતી નથી. આ મુનિરાજ તો સમસ્ત પ્રાણીઓનું હિત કરવાવાળા છે. તેમના દર્શનથી તો આપણું ધારેલ કાર્ય તુરત સફળ થઈ જાય તેવા તેમના શુકન થયા છે. તે માટે અનેક શાસ્ત્ર-આધારથી યુક્તિઓ આપીને વાત કરી અને કહ્યું કે રાજન્! આ મુનિરાજના મહાન શુકન થવાથી તો વસુપાલ રાજા સ્વયં હાથી આપવા માટે અહીં આવવા જોઈએ, તેવું આ મહાન શુકન છે.

પ્રભાત થતાં જ વસુપાલ રાજાએ સ્વયં હાથી લઈને સોમપ્રભ રાજાને ભેટ ધરી સન્માન કર્યું અને રાજા ખુશી થઈ નગરમાં પાછા ફર્યા.

પુરેહિત સોમશર્માએ પૂર્વ વૈરના કારણે ધ્યાનાવિષ્ટ મુનિરાજની તલવારથી હત્યા કરી, મહારાજ સોમપ્રભને સવાર થતાં ખબર પડી કે સોમશર્માએ મુનિરાજની હત્યા કરી છે, તેથી રાજાએ સોમશર્માને મુનિહિંસાના કારણે પાંચ પ્રકારનો દંડ આપ્યો અને દુષ્ટબુદ્ધિ સોમશર્માને મુનિહિંસાના પાપથી ગળત કોઢ નીકળ્યો ને સાત દિવસમાં તેની ભયાનક પીડાથી મરીને તુરત સાતમી નરકે પહોંચી ગયો.

ત્યાં મહાન દુઃખો ભોગવીને નરકથી નીકળીને એક હજાર જોજનનો મચ્છ થયો.

ત્યાં અનેક પ્રકારની પીડા સહન કરી મરીને છઠ્ઠી નરકે ગયો, ત્યાં ૨૨ સાગર સુધી મહાન દુઃખ ભોગવી ત્યાંથી નીકળીને ભયાનક સિંહ થયો અને ત્યાંનું આયુષ્ય પૂરું કરી પાંચમી નરકે પહોંચ્યો. ત્યાં પણ અસહ્ય દુઃખ ભોગવી ભયંકર કાળો સર્પ થયો અને ત્યાંનું આયુષ્ય પૂરું કરી ચોથી નરકે ગયો અને ત્યાં પણ મહાદુઃખ ભોગવીને વાઘ થયો. ત્યાંથી મરીને ત્રીજી નરકનો નારકી થયો. ત્યાંથી નીકળી દુષ્ટ વીકરાળ પક્ષી થયો અને ત્યાંથી મરીને બીજી નરકનો નારકી થયો. ત્યાં પણ દુઃખો ભોગવી સફેદ બગલો થયો. ત્યાં પણ પાપ કરી પહેલી નરકે ગયો. એક સાગર સુધી દુઃખ ભોગવી ત્યાંથી નીકળીને રાજન્! તમારે ત્યાં આ પૂતિગંધકુમાર થયો છે.

આમ, પૂર્વ ભવના પાપોની વાત સાંભળી વિનય ભક્તિ પૂર્વક પૂતિગંધ કહેવા લાગ્યો કે હે જિનરાજ! પૂર્વે કરેલાં પાપનો નાશ કયા પ્રકારથી થઈ શકે? જિનરાજે કહ્યું કે કુમાર! તું દુઃખોથી છૂટવા માંગતો હો તો રોહિણી નક્ષત્રમાં ઉપવાસનું વિધાન કર!

આ પ્રકારે જિનરાજના ઉપદેશથી પૂતિગંધકુમારે સમ્યક્ પામી રોહિણી વ્રત ગ્રહણ કર્યું અને તેના પ્રભાવથી પૂતિગંધ સુગંધિવાહન થઈ ગયો. અંગેઅંગમાંથી સુંગધિ નીકળવા લાગી. ધર્મનું પાલન કરતાં કરતાં એક જ મહિનો જ થયો હતો ત્યાં અત્યંત વિરક્તિ થતાં પોતાના વિજય નામના પુત્રને ગાદીએ બેસાડી જિનદીક્ષા લઈ ચાર પ્રકારની આરાધના કરીને સંલ્લેખના મરણ કરી પ્રાણત સ્વર્ગમાં ૨૨ સાગરની સ્થિતિએ ઋદ્ધિધારી દેવ થયો. ૨૨ સાગર સુધી સ્વર્ગમાં વિપુલ ભોગ ભોગવી ત્યાંથી ચ્યવીને વિદેહક્ષેત્રમાં પુષ્પકલાવતી દેશની પુંડરીકીણી નગરીમાં વિમલકીર્તિ રાજાનો અર્કકીર્તિ નામે પુત્ર થયો. અર્કકીર્તિ બહુ જ રૂપવાન, લોકોના મનને પ્યારો હતો. અર્કકીર્તિને પ્રાણોથી પ્યારો મેઘસેન નામનો મિત્ર હતો. બન્ને મિત્રો સાથે જ વિદ્યાભ્યાસ કરી પારંગત થયા હતા.

એક સમય મથુરામાં સુમન્દિર નામના શેઠપુત્રના વિવાહ સુશીલા અને સુમતિ નામની બે શેઠકન્યાઓ સાથે થઈ રહ્યા હતા તે કન્યાઓને રાજકુમાર અર્કકીર્તિ જોઈ ગયો અને તેના મિત્ર મેઘસેનને સંકેત કરતાં તે બન્ને કન્યાઓને મેઘસેન સુમંદિર પાસેથી ઉપાડી ગયો પરંતુ તે કન્યાઓને મેઘસેને ઉપાડી જતાં પુરવાસીએ જોયો એટલે ગામ લોકોએ મેઘસેન પાસેથી કન્યાઓને છોડાવી લીધી અને પુંડરીકીણી નગરીમાં ગામલોકોએ આવીને વિમલકીર્તિ રાજાને વાત કરી. રાજાએ (પિતા) ગુસ્સે થઈને રાજકુમાર અને તેના મિત્રને દેશ નિકાલ કર્યાં.

બન્ને મિત્રો ત્યાંથી નીકળી વિતશોકપુર આવ્યા. ત્યાંના રાજા વિમલવાહનની જયમતિ આદિ આઠ રૂપવાન, ગુણવાન કન્યાઓ ચંદ્રવેધ કરી શકનારને પરણવાની હતી.

### કહાનગુરુ–જન્મધામ ઉમરાળામાં

# કહાનગુરુ–પ્રતિકૃતિ–સંસ્થાપન

મહાવીરનિર્વાણમહોત્સવના વાર્ષિક પાવન અવસરે, વિ. સં. ૨૦૫૦, આસો વદ ૧૩, મંગળવાર, તા. ૧–૧૧–૯૪ના શુભ દિને, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની પાવન જન્મભૂમિ ઉમરાળાનગરમાં—જન્મધામના પરિસરમાં સંસ્થિત ' શ્રી ઉજમબા દિ૦ જૈન સ્વાધ્યાયગૃહ 'માં—શ્રી દિ૦ જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા, આપણા આદરણીય પંડિતરત્ન શ્રી હિંમતલાલભાઈ જે. શાહની ગુરુભક્તિભીની ઉપસ્થિતિમાં, પરમપૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની ધવલ આરસપાષાણનિર્મિત અતિ ભવ્ય પ્રતિકૃતિના સંસ્થાપનનો મંગલ મહોત્સવ આયોજિત કરવામાં આવ્યો હતો. પ્રતિકૃતિ (સ્ટેચ્યુ) તેમ જ મનોહર પીઠિકાનો નિર્માણખર્ચ, ઉમરાળા જવા માટે સોનગઢ-મુમુક્ષુમંડળ તથા મહેમાનો માટે ૧૪ બસ અને અનેક મોટરગાડી, ઉમરાળામાં સમાગત મહેમાનો સહિત સ્થાનિક સમસ્ત જૈનો માટે ' નોકારશી '–જમણ, અને સમસ્ત જૈનેતર પરિવારોને મિષ્ટાન્ન-પેકેટ વગેરે અથથી ઇતિ સુધીનો સંપૂર્ણ ખર્ચ સાયન-(મુંબઈ)વાસી સ્વ. આત્માર્થી શ્રી શાંતિલાલભાઈ રતિલાલ શાહનાં ધર્મપત્ની શ્રી શારદાબેન તેમ જ સુપુત્રો શ્રીયુત નેમીશભાઈ તથા શ્રીયુત કેતનભાઈએ આપેલ હતો. આ પવિત્ર અવસરનો અમૂલ્ય લાભ લેવા માટે તેમનો સમસ્ત પરિવાર, સગાંસંબંધી તથા મિત્રમંડળ વગેરે ૮૦ મહાનુભાવ મુંબઈ, અમદાવાદ આદિ અનેક ગામોથી આવ્યા હતા. આ મંગળ અવસરનો લાભ લેવા માટે બૃહદ્‌મુંબઈ, ભાવનગર, રાજકોટ, અમદાવાદ, સુરેન્દ્રનગર, બોટાદ, જામનગર, ખંડવા. શિવપુરી આદિ અનેક ગામોથી બસો તેમ જ ગાડીઓ દ્વારા મુમુક્ષુ–મહેમાન પધાર્યા હતા. સોનગઢના અન્ય મહાનુભાવ પણ એક બસ દ્વારા પધાર્યા હતા. ૨૦ બસ અને ૪૦થી પણ વધુ મોટરગાડી ઇત્યાદિ દ્વારા ઉમરાળાનગર ૨૨૦૦ થી અધિક મુમુક્ષુ–મહેમાનોથી ઊભરાઈ ગયું હતું.

સોનગઢથી, પંચકલ્યાણકમંડલવિધાનના ત્રીજા દિવસનો—તપકલ્યાણકનો—પૂજા સમારોહ સંપન્ન કરીને, પ્રાતઃ ૮–૩૦ વાગ્યે ' કહાનગુરુ–જન્મધામ–મંગલયાત્રા 'નું ઉમરાળા તરફ મંગલ પ્રસ્થાન થયું હતું. ઉમરાળામાં ગુરુપ્રતિકૃતિની વિશાળ તેમ જ ભવ્ય શોભાયાત્રા પછી, મંગલ સંસ્થાપનવિધિના ક્રમમાં અનુક્રમે ધાતકીખંડ–વિદેહક્ષેત્રના ભાવી જિનેન્દ્રની ભાવવાહી સમૂહપૂજા. આદરણીય પંડિતજી દ્વારા મંગલાષ્ટક–પાઠ, પ્રતિકૃતિ–પીઠશુદ્ધિ, નાન્દી–કુંભસ્થાપન, પ્રશસ્તિપત્રસ્થાપન, સ્વ. આત્માર્થી શ્રી

શાંતિભાઈ શાહ-પરિવારના શુભ હસ્તે ગુરુપ્રતિકૃતિ-સંસ્થાપનવિધિ, આદરણીય પંડિતજી દ્વારા ગુરુ-ઉપકારગીતરૂપ સંક્ષિપ્ત વક્તવ્યપૂર્વક '**मधुराधिपतिः कानजीस्वामी अखिलः मधुरः**'-એ અપદ્યગદ્યમય કાવ્ય દ્વારા ગુરુગુણાનુવાદ તથા 'ઉમરાળાધામમાં રત્નોની વર્ષા...સ્વર્ણભાનુ ભરતે ઊગ્યો રે, એ—પૂજ્ય બહેનશ્રી ચંપાબેન દ્વારા રચિત—મધુર કાવ્ય દ્વારા ગુરુભક્તિ વગેરે કાર્યક્રમ આનંદોલ્લાસ સહ સંપન્ન થયો હતો.

કહાનગુરુ-પ્રતિકૃતિ-સંસ્થાપનના મહાન લાભની ખુશાલીમાં—શ્રી દિ૦ જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢના ભૂતપૂર્વ પ્રમુખ, દીર્ઘદૃષ્ટા સ્વ૦ શ્રી નવનીતલાલભાઈ ઝવેરીની દૂરંદેશિતાને લીધે આજે પણ, કૃપાસિંધુ પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રીની સાક્ષાત્ ઉપસ્થિતિવત્, લાખો મુમુક્ષુઓને સ્વાનુભૂતિની પ્રેરણા આપી રહ્યાં છે એવાં —(ગુરુદેવશ્રીનાં) ૮૪૦૦ આધ્યાત્મિક પ્રવચનો મેગ્નેટિક ટેપ-રીલોમાંથી આધુનિક ટેકનોલોજી "DIGITAL AUDIO MINI DISC" અર્થાત્ ડીજીટલ સિસ્ટમથી કોમ્પેક્ટ ડીસ્ક (C.D.)માં રેકોર્ડ કરવા માટે તેનો સંપૂર્ણ ખર્ચ તથા જવાબદારી—સ્વાનુભવ-વિભૂષિત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના હૃદયોદ્‌ગાર કે પૂજ્ય ગુરુદેવશ્રીએ "પોતે અંતરથી માર્ગ પ્રાપ્ત કર્યો અને બીજાને માર્ગ બતાવ્યો. તેમનો મહિમા આજે તો ગવાય છે પરંતુ હજારો વર્ષો સુધી પણ ગવાશે." તથા આદરણીય શ્રી સોગાનીજીની ભાવના કે—"गुरुदेवश्रीके उपदेशमें इतना खुलासा है कि ओ निवसे धर्म पंचमकाल तक टिकेगा—ऐसा दिखता है।" તદનુરૂપ—આત્માર્થી સ્વ૦ શ્રી શાંતિલાલભાઈ રતિલાલ શાહની ગુરુવાણી-સંરક્ષણસંબંધી પ્રશસ્ત ભાવનાને સાકાર કરવા માટે, તેમનાં ધર્મપત્ની શ્રી શારદાબેન તથા તેમના સુપુત્રો શ્રી નેમીશભાઈ તથા શ્રી કેતનભાઈએ ગુરુ-જન્મધામ ઉમરાળામાં, પોતાના તરફથી જાહેર કરાવ્યાં હતાં. તદુપરાંત ઉમરાળામાં અન્ય શુભ કાર્યો માટે સ્વ. શ્રી શાંતિભાઈના પરિવાર તથા સગાંસંબંધીઓ તરફથી રૂા. ૩,૫૬,૦૦૯-૦૦ જાહેર થયેલ હતા. તથા અન્ય મુમુક્ષુઓ દ્વારા અન્ય ખાતાઓમાં પણ લગભગ એક લાખની રકમો જાહેર થઈ હતી.

આ મંગળ મહોત્સવને સફળ બનાવવામાં શ્રી ઉમરાળા દિ૦ જૈન મુમુક્ષુ-મંડળ, શ્રી કુંદકુંદ-કહાન-પરિવાર ટ્રસ્ટ, ભાવનગર તથા અન્ય અનેક મુમુક્ષુઓનો ઉલ્લાસભીનો સહકાર મળ્યો હતો. કિંમતી સહયોગ માટે તે બધાને ધન્યવાદ.

—અંતમાં, સમૂહ-જમણ પછી યાત્રાસંઘ સોનગઢ પાછો આવવા માટે રવાના થયો હતો. આ રીતે પૂજ્ય ગુરુદેવશ્રી તેમ જ પૂજ્ય ભગવતી માતાના ધર્મોપકારપ્રતાપે 'ગુરુ-પ્રતિકૃતિ-સંસ્થાપન'નો આ મંગળ મહોત્સવ અત્યાનંદોલ્લાસમય ગુરુભક્તિભીના વાતાવરણમાં સારી રીતે સંપન્ન થયો હતો. અહો! જયવંત વર્તો પૂજ્ય કહાનગુરુદેવ તેમ જ તેમના અસીમ ઉપકાર !!

સુપ્રભાત-દિન:—કાર્તિકી નૂતન વર્ષારંભનો પ્રથમ મંગલ દિન—સુપ્રભાતદિન—તા. ૪-૧૧-૯૪, શુક્રવારના દિવસે આદરણીય પંડિતરત્ન શ્રી હિંમતલાલભાઈ શાહ દ્વારા સુપ્રભાતસ્તોત્ર, પૂજા-ભક્તિ તથા 'સુપ્રભાત' પર પૂજ્ય ગુરુદેવશ્રીનું મંગલ પ્રવચન ઇત્યાદિ કાર્યક્રમપૂર્વક અતિ-આનંદોલ્લાસ સહ ઊજવવામાં આવ્યો હતો. આ શુભાવસરનો બહારગામથી ઘણાં મુમુક્ષુભાઈ-બહેનોએ આવીને લાભ લીધો હતો.

પંચકલ્યાણક-મંડલવિધાનપૂજા (કાયમી):—૧. ધન્યાવતાર ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેન, સોનગઢ; ૨. બ્ર૦ ચંદુલાલભાઈ ઝોબાળિયા (તેમના પિતાશ્રી સ્વ૦ ખીમચંદભાઈ છોટાલાલ ઝોબાળિયાની પુણ્ય સ્મૃતિ નિમિત્તે), સોનગઢ; ૩. શ્રી નવલચંદભાઈ જગજીવન શાહ, હા૦ મુક્તાબેન, સોનગઢ; ૪. શ્રી જડાવબેન નાનાલાલભાઈ જસાણી-પરિવાર, મુંબઈ; ૫. શ્રી નિર્મળાબેન ઉદાણી તથા મંજુલાબેન ડગલી (તેમનાં માતુશ્રી સ્વ૦ ત્રિવેણીબેન નરોત્તમદાસ શાહના સ્મરણાર્થે); ૬. શ્રી ગંગાબેન પ્રેમચંદભાઈ શાહ (હા૦ અજિતભાઈ તથા કિશોરભાઈ), નાઇરોબી; ૭. શ્રી અરુણભાઈ પૂનમચંદભાઈ દોશી (હા૦ અ. સૌ. મીનાબેન અરુણભાઈ દોશી તથા શ્રી કિરણભાઈ કામદાર), મુંબઈ; ૮. શ્રી તારાબેન કપૂરચંદ કોઠારી, નંદરબાર તથા તેમનાં માતુશ્રી ચંપાબેન પોપટલાલ ગોસળિયા, ચુડા; ૯. બ્ર૦ શારદાબેન તથા બ્ર૦ સુશીલાબેન (તેમનાં માતુશ્રી સ્વ. મોતીબેન જગજીવન શાહના સ્મરણાર્થે), સુરેન્દ્રનગર; ૧૦. સ્વ. નવીનચંદ્ર દામોદરભાઈ મોદીના સ્મરણાર્થે, હા. પ્રભાબેન, બ્ર૦ નીલાબેન, બ્ર૦ તરુણાબેન, યોગેશભાઈ, અ. સૌ. શીલાબેન, ડૉ. સ્મિતાબેન, ચિદ્રૂપ તથા જિનેન્દ્રા, અમદાવાદ; ૧૧. શ્રી મનસુખલાલ હરિલાલ દોશી, હા. શ્રી પુષ્પાબેન મનસુખલાલ દોશી, મુંબઈ; ૧૨. બ્ર૦ કોકિલાબેન તથા શ્રી રૂપાબેન બારા, સોનગઢ; ૧૩. શ્રી નીકી કિરીટકુમાર દોશીની પુણ્ય સ્મૃતિ અર્થે (હા. શ્રી કિરીટકુમાર મનસુખલાલ દોશી તેમ જ નીતાબેન કિરીટકુમાર દોશી, ઘાટકોપર તથા ઇન્દુબેન ચંપકલાલ સંઘવી અને ચંપકલાલ વિક્રમચંદ સંઘવી; ૧૪. શ્રી વીણાબેન મહેશભાઈ તલાટી, મુંબઈ.

પંચકલ્યાણક-વિધાનપૂજા (પ્રાસંગિક):—૧. શ્રી રમેશભાઈ નાનાલાલભાઈ લલાણી, કાંદીવલી; ૨. શ્રી મનસુખલાલ જાદવજી કોઠારી, હા. નિર્મળાબેન, ભાવનગર; ૩. શ્રીમતી દમયંતીબેન રસિકલાલ સંઘવી, કલકત્તા; ૪. શ્રી મનુભાઈ રતિલાલ કામદાર-પરિવાર, પાલીતાણા; ૫. શ્રીમતી કુસુમબેન નવનીતલાલ દોશી (હા. શ્રી નવનીતભાઈ દોશી-પરિવાર), સોનગઢ.

### ✻ કાર્તિકી નંદીશ્વર-અષ્ટાહ્નિકા ✻

કારતક સુદ ૮ થી કારતક સુદ ૧૫ 'નંદીશ્વર-અષ્ટાહ્નિકાપર્વ' શ્રી પંચમેરુ-નંદીશ્વરજિનાલયમાં 'પંચમેરુ-નંદીશ્વર-વિધાનપૂજા', જિનેન્દ્રભક્તિ તથા અધ્યાત્મજ્ઞાન-ઉપાસના આદિ કાર્યક્રમ સહ ઊજવવામાં આવ્યું હતું.

* કાર્તિકી-અષ્ટાહ્નિકા વિધાનપૂજા (કાયમી):—૧. શ્રી જયસુખલાલ પોપટલાલ સંઘાણી, હા. બ્ર. શારદાબેન સંઘાણી, રાજકોટ; ૨. શ્રી દેવશીભાઈ રામજીભાઈ કોઠારી તથા શ્રી ચંચળબેન દેવશીભાઈ કોઠારી, સોનગઢ; ૩. શ્રી ચંચળબેન ગોરધનદાસ શાહ, મુંબઈ; ૪. સ્વ. શ્રી શિવકુંવરબેન ન્યાલચંદ મોદી, હા. શ્રી રમણીકલાલ ન્યાલચંદ મોદી તથા ભાઈ઼ઓ, રાજકોટ; ૫. સ્વ. શ્રી રવિચંદ વિકમચંદ સંઘવી, હા. જ્યોત્સનાબેન, વાંકાનેર (હાલ મદ્રાસ); ૬. શ્રી સરલાબેન રજનીકાંત ગોસળિયા, હા. અંકુરભાઈ ગોસળિયા, વોશિંગટન; ૭. શ્રી ચંદ્રકાંતભાઈ ઉજમશી મહેતા, ચેમ્બૂર (મુંબઈ); ૮. શ્રી રંભાબેન પોપટલાલ વોરા-પરિવાર, હા. શ્રી હસમુખભાઈ વોરા; ૯. શ્રી નવલચંદ જગજીવનદાસ શાહ, હા. શ્રી મુક્તાબેન, સોનગઢ;

—તથા પ્રાસંગિક મંડલવિધાનપૂજા:—શ્રી પુષ્પાબેન વ્રજલાલ, કેનેડા, હા. શ્રી હસમુખભાઈ પારેખ.

## * કહાનગુરુ વાર્ષિક સમાધિદિન *

આપણા પરમ-તારણહાર, અધ્યાત્મબોધદાતા, પરમોપકારી પરમપૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની પવિત્ર સમાધિનો ચૌદમો વાર્ષિક દિવસ કારતક વદ ૭, શુક્રવાર, તા. ૨૫-૧૧-૯૪ના રોજ હતો. ગુરુવિરહનો આ દુઃખદ વાર્ષિક પ્રસંગ તા. ૨૧-૧૧-૯૪થી તા. ૨૫-૧૧-૯૪ (કારતક વદ ૭)—પાંચ દિવસ સુધી શ્રી પંચપરમેષ્ઠિમંડલવિધાનપૂજા, જિનેન્દ્ર તેમ જ ગુરુભક્તિ, પૂજ્ય ગુરુદેવશ્રીનાં અધ્યાત્મરસનિર્ભર ટેપ-પ્રવચન, યાત્રા-વિડિયો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીનાં મંગલ દર્શન તથા પૂજ્ય બહેનશ્રીની વિડિયો-ધર્મચર્ચા ઈત્યાદિ 'ધાર્મિક કાર્યક્રમ'પૂર્વક સાદાઈથી સંપન્ન થયો હતો. આ પ્રસંગે કાયમીમંડલ-વિધાનપૂજા સ્વ. શ્રી રતિલાલ હરગોવિંદદાસ મોદી, હા. શ્રી ચંપાબેન રતિલાલ મોદી, સોનગઢ તરફથી રાખવામાં આવી હતી. ગુરુવિરહવેદનના આ પ્રસંગે રાજકોટ, ભાવનગર, મુંબઈ, સુરેન્દ્રનગર, જામનગર આદિ અનેક ગામોથી ૩૫૦થી અધિક ગુરુભક્ત મુમુક્ષુ મહેમાન પધાર્યા હતા.

* કૃપાસિંધુ પૂજ્ય ગુરુદેવશ્રીના સમાધિદિન નિમિત્તે પાંચ દિવસ માટે પૂજ્ય ગુરુદેવશ્રીના ટેપ-પ્રવચનોમાં તેમ જ પૂજ્ય બહેનશ્રીની કેસેટમાં ૨૫% ડિસકાઉન્ટ માટે નીચે જણાવેલ મહાનુભાવો તરફથી દાનરાશિ જાહેર કરવામાં આવી હતી.

૧. રૂા. ૩૦૦૦-૦૦ રાજકોટ નિવાસી સ્વ. પ્રભુલાલ મોહનલાલ ધીયા
૨. રૂા. ૧૦૦૦-૦૦ વડોદરા નિવાસી શ્રી મનુભાઈ પાનાચંદ કામદાર
૩. રૂા. ૫૦૦-૦૦ વડોદરા નિવાસી શ્રી હરેશભાઈ પ્રેમચંદ કોઠારી
૪. રૂા. ૫૦૦-૦૦ સોનગઢનિવાસી બ્ર. શ્રી કંચનબેન તથા બ્ર. શ્રી પુષ્પાબેન ધ્રાંગધ્રાવાળા

## * નાઇરોબીમાં દશલક્ષણ-પર્યુષણપર્વ *

શ્રી નાઇરોબી દિ૦ જૈન મુમુક્ષુમંડળના પત્ર દ્વારા સમાચાર છે કે ભારત-વર્ષથી પધારેલ વિદ્વાન પ્રવચનકાર શ્રી સુભાષભાઈ શેઠ, વાંકાનેરવાળાના નેતૃત્વ તળે નાઇરોબીમાં શ્રી દશલક્ષણપર્યુષણપર્વ અત્યાનંદોત્સાહથી ઉજવવામાં આવ્યું હતું. આ અવસરે પ્રવચન, પૂજા, શિક્ષણવર્ગ, પ્રતિક્રમણ, આરતી, ભક્તિ ઇત્યાદિ ધાર્મિક કાર્યક્રમમાં મુમુક્ષુઓની ઘણી હાજરી રહેતી હતી. સમયસાર-કર્તાકર્મ અધિકાર, બહેનશ્રીનાં વચનામૃત તથા દશલક્ષણધર્મ ઉપર શ્રી સુભાષભાઈનાં પ્રવચનો સરળ, રોચક અને યુક્તિસંગત આવતાં હોવાથી બધાને ઘણો રસ પડતો હતો. તેમની સમજાવટની સુંદર શૈલીથી યુવકવર્ગ વિશેષ આકર્ષિત થતો હતો. ઉછામણીઓ દ્વારા શ્રી જિનમંદિરને સારી આવક થઈ હતી. સ્વાધ્યાયમંદિર પર ધ્વજારોહણનો ભવ્ય લાભ શ્રી દેવસી નથુ માલદે-પરિવારને પ્રાપ્ત થયો હતો.

## * કહાનગુરુ-ઉપકાર-પ્રતાપે અમેરિકામાં ધર્મપ્રચાર *

માઉન્ટ પ્રોસ્પેકટ (U. S. A.)થી શ્રી જ્યોતીન્દ્ર દોશી દ્વારા સમાચાર છે કે અહીં જૈન સોસાયટી ઓફ મેટ્રોપોલિટીન, શીકાગોના જૈન સેન્ટર દ્વારા તા. ૨૧-૮-૯૪, રવિવારે સ્વાત્માનુભવી ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૮૧મી મંગલમય જન્મજયંતી આનંદોત્સાહ સહ ઊજવવામાં આવી હતી. (જન્મજયંતી તા. ૨૩ને બદલે ત્યાંના મુમુક્ષુઓની સુવિધા ખાતર તા. ૨૧, રવિવારે ઊજવી હતી.) આ સુપ્રસંગ પૂજા, ભક્તિ તેમ જ અધ્યાત્મ તત્ત્વજ્ઞાનની ઉપાસના સહ સંપન્ન થવાથી બધાને સારો આનંદ થયો હતો. શ્રી જ્યોતીન્દ્ર દોશી પોતાના તા. ૬-૧૦-૯૪ના પત્રથી જણાવે છે કે—અહીં દશલક્ષણપર્યુષણપર્વ પણ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીના ધર્મોપકારપ્રતાપે સારી રીતે ઊજવવામાં આવ્યું હતું. પૂજ્ય ગુરુદેવશ્રીનાં ઓડિયો-વિડિયો ટેપપ્રવચન, પૂજ્ય બહેનશ્રીની વિડિયો ધર્મચર્ચા, જિનેન્દ્ર-અભિષેક પૂજા તથા ભક્તિગીતો ઇત્યાદિ વિભિન્ન કાર્યક્રમ સહ ઉજવાયેલ આ ધાર્મિક પર્વ બધાને ધર્મભાવનામાં અતિ ઉત્સાહિત કરતું હતું. અહીંની ધાર્મિક ગતિવિધિની વિશેષ જાણકારી માટે 'JYOTINDRA DOSHI, 531 E LINCOLN ST.; MOUNT PROSPECT, IL 60056-3329 (U. S. A.)નો સંપર્ક કરવો.

*

અમેરિકા તથા લંડનમાં પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા પ્રબોધિત

## ▣ અધ્યાત્મતત્ત્વજ્ઞાનનો સત્પ્રચાર ▣

વોશિંગટન (અમેરિકા) સ્થિત શ્રી હસમુખલાલ મગનલાલ શાહની પ્રેરણાથી ત્યાંની 'શ્રી જૈન સોસાયટી ઓફ મેટ્રોપોલિટીન' તરફથી શ્રી દિ૦ જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢને ત્રણ મહિના માટે વિદ્વાન પ્રવચનકાર મોકલવાની પત્ર દ્વારા વિનંતી કરવામાં આવી હતી. તદનુસાર ટ્રસ્ટના આદેશથી વિદ્વાન પ્રવચનકાર શ્રી રાજુભાઈ વિનોદભાઈ કામદાર (રાજકોટ) દશલક્ષણપર્યુષણપર્વમાં તથા તે પહેલાં કુલ ૮૫ દિવસ અધ્યાત્મધર્મના પ્રચાર માટે ત્યાં ગયા હતા. અમેરિકાના વિભિન્ન પ્રાન્તોમાં ધર્મપ્રચારના આ ભવ્ય કાર્યક્રમનું આયોજન શ્રી હસમુખભાઈ એમ. શાહના સુપ્રયત્નથી સંપન્ન થયું હતું. આયોજનગત બધા પ્રાન્તોમાં ત્યાંના જૈન સમાજે પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી દ્વારા ઉપદિષ્ટ અધ્યાત્મતત્ત્વજ્ઞાન સમજવાનો સારો લાભ લીધો હતો.

તેવી રીતે લંડન (U. K.)થી ત્યાંના શ્રી દિ. જૈન એસોસિએશને પણ શ્રી દિ૦ જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢને દશલક્ષણપર્યુષણપર્વના ઉપલક્ષમાં વિદ્વાન પ્રવચનકાર મોકલવાની પત્ર દ્વારા વિનંતી કરી હતી. તદનુસાર રાજકોટ નિવાસી વિદ્વાન પ્રવચનકાર ડો. શ્રી પ્રવીણભાઈ દોશી ટ્રસ્ટના આદેશથી ૨૫ દિવસ માટે લંડન ધર્મપ્રચારાર્થે ગયા હતા. તેમનાં તર્કસંગત અધ્યાત્મ પ્રવચનો, તત્ત્વચર્ચા તથા ધાર્મિક શિક્ષણવર્ગથી ત્યાંના મુમુક્ષુ ભાઈ-બહેનોને સારો લાભ મળ્યો હતો. તેમની તત્ત્વનિરૂપણશૈલી રોચક તેમ જ તર્કશુદ્ધ હોવાથી યુવાવર્ગને વિશેષ આકર્ષિત કરતી હતી.

### ✻ ધાર્મિક શિક્ષણવર્ગ ✻

ડિસેમ્બર મહિનાની રજાઓમાં તા. ૨૪-૧૨-૯૪, શનિવારથી તા. ૨-૧-૯૫, સોમવાર—દસ દિવસ સુધી સુવર્ણપુરી અધ્યાત્મતીર્થધામમાં 'ધાર્મિક શિક્ષણવર્ગ'નું આયોજન રાખવામાં આવ્યું છે. શિક્ષણાર્થીઓ માટે આવાસ-ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

---

શુદ્ધિ :—ઓકટોબર '૯૪ના અંકમાં પેઈઝ નં. ૧૭ ઉપર ૮મી લાઈનમાં "બંધ" શબ્દને બદલે "પુણ્યબંધ" સુધારીને વાંચવું.

✻ વાસુપૂજ્ય ભગવાનના ગણધરની કથા સ્થળ-સંકોચના કારણે આવતા અંકમાં આપવામાં આવશે.

## વૈરાગ્ય સમાચાર—

* મુંબઈનિવાસી શ્રી શાંતિલાલ રતિલાલ શાહ (વર્ષ–૬૮) તા. ૮–૯–૯૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ઘણા જૂના સમયથી પૂજ્ય ગુરુદેવશ્રીના સમાગમમાં હતા. ઘણા સમયથી નિવૃત્તિ લઈને તત્ત્વનો અભ્યાસ કરતા હતા, અધ્યાત્મતત્ત્વના રસિક હતા. વારંવાર સોનગઢ આવીને પૂજ્ય ગુરુદેવશ્રીનો લાભ લેતા હતા. વીતરાગ દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે અથાગ શ્રદ્ધા-ભક્તિ હતા. પૂજ્ય ગુરુદેવશ્રીનાં ટેપ થયેલાં પ્રવચનોનો ભાવિ પેઢીને પણ લાંબા સમય સુધી લાભ મળતો રહે તે માટે ટેપ-પ્રવચનોની સુરક્ષાની તેમને ઊંડી ભાવના હોવાથી કોમ્પેક્ટ ડિસ્ક (સી. ડી.)માં તે પ્રવચનો ઉતરાવવા માટે પોતાના તરફથી મોટા ખર્ચે તે કાર્ય કરાવવાની ભાવના ભાવી હતી; તે ભાવનાને પૂર્ણ કરવાનું તેમના પરિવારે જાહેર કર્યું છે. ગુરુવાણીની સુરક્ષા માટેની તેમની ઊંડી ભાવના તેમની ગુરુભક્તિને પ્રસિદ્ધ કરે છે. પૂજ્ય બહેનશ્રી પ્રત્યે પણ અથાગ ભક્તિ હતી. તેમનું અત્યંત સાદગીભર્યું અને નૈતિકતાપૂર્ણ જીવન, અપાર ગુરુભક્તિ અને તત્ત્વપ્રેમ તેમના સમસ્ત પરિવાર તથા અન્ય કુટુંબીજનોને આત્મસાધનાની પ્રેરણા આપતા હતા. નાદુરસ્ત તબિયત છતાં આખો દિવસ એકાંતમાં રહીને ટેપ-પ્રવચન-શ્રવણ તથા સ્વાધ્યાય કરતા હતા, અંત સમયે પણ આત્મજાગૃતિપૂર્વક દેહાવસાન પામ્યા હતા.

* મુંબઈનિવાસી શ્રી સામરથબેન મણીલાલ (વર્ષ–૯૦) તા. ૧૦–૯–૯૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* મુંબઈનિવાસી શ્રી જયંતીલાલ ભાઉ તા. ૧૭–૯–૯૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* મદ્રાસનિવાસી શ્રી જશવંતભાઈ ભાઈલાલભાઈ શાહના ધર્મપત્ની શ્રી ઉષાબેન (વર્ષ–૬૫) તા. ૧૭–૯–૯૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* સમઢિયાળા શેલાર નિવાસી શ્રી વલ્લભભાઈ મોહનભાઈ વિરાણી (વર્ષ–૬૫) તા. ૨૧–૯–૯૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* મુંબઈનિવાસી શ્રી શાંતાબેન ગોવિંદજી શાહ (તે બ્ર. શ્રી સુશીલાબેનના માસી) (વર્ષ–૭૨) તા. ૨૯–૯–૯૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* અમરેલીનિવાસી (હાલ સોનગઢ) શ્રી પ્રાણજીવન માણેકચંદ કામદાર (ભીખુભાઈ) (તે બ્ર. શ્રી કાંતાબેન કામદારના મોટાભાઈ) તા. ૯–૧૦–૯૪ના રોજ સોનગઢ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.

* વિંછીયાનિવાસી (હાલ અમદાવાદ) શ્રી નર્મદાબેન ઠાકરશીભાઈ બોટાદરા (વર્ષ–૮૨) તા. ૧૬–૧૦–૯૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* સોનગઢનિવાસી (હાલ અમદાવાદ) શ્રી ચુનીલાલ હીરાચંદ દામાણી (પૂજ્ય ગુરુદેવશ્રીએ 'પરિવર્તન' વખતે જે 'સ્ટાર ઓફ ઈન્ડિયા'—મકાનમાં ૩ વર્ષ નિવાસ કરેલ તે મકાનમાલિક સ્વ. શ્રી હીરાચંદ દામાણીના પુત્ર) (વર્ષ–૮૨) તા. ૨૦–૧૦–૯૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ છેલ્લી નિવૃત્ત જિંદગી દરમ્યાન વીતરાગી દેવ-શાસ્ત્ર-ગુરુની પૂજા-ભક્તિ તેમ જ સ્વાધ્યાયમાં વિશેષ સમય ગાળતા હતા.

* બાઢડાનિવાસી (હાલ અમદાવાદ) શ્રી રમેશભાઈ પરમાણુંદદાસ ઘેલાણી (ભઈલાભાઈ કલકત્તાવાળા) (વર્ષ–૪૮) તા. ૨૭–૧૦–૯૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ધારીનિવાસી (હાલ અમદાવાદ) શ્રી ગુલાબબેન વિનોદરાય દોશી તા. ૨–૧૧–૯૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* જામનગર નિવાસી શ્રી કનુભાઈ મણીલાલ પુનાતર (વર્ષ–૬૫) તા. ૬–૧૧–૯૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે; તેઓએ પૂજ્ય ગુરુદેવશ્રીનો તેમજ પૂજ્ય બહેનશ્રીનો ઘણો જ લાભ લીધો હતો. અંતિમ સમયે જ્ઞાયકનું રટણ કરતાં કરતાં જાગૃતિપૂર્વક દેહવિલય પામ્યા હતા.

* રાજકોટનિવાસી દુર્ગાબેન લીલાધર (વર્ષ–૮૦ લગભગ) રાજકોટ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ છેલ્લા ચાલીશેક વર્ષથી કાયમી સોનગઢ રહીને ઘણો લાભ લીધો હતો.

* ફતેપુરનિવાસી પં. શ્રી ચંદુભાઈ મહેતાના પિતાશ્રી કોદરલાલ રેવચંદ મહેતા (વર્ષ–૮૮) તા. ૧૫–૧૧–૯૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેમને તત્ત્વરુચિ તથા તત્ત્વ-અભ્યાસ ઘણો હતો. નિયમિત ચાર-પાંચ કલાક સ્વાધ્યાય કરતા હતા. પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા પ્રરૂપિત તત્ત્વજ્ઞાનના પ્રચાર-પ્રસારમાં તેઓએ ઘણો લાભ લીધો હતો. અંતિમ સમયે જાગૃતિપૂર્વક દેહાવસાન પામ્યા હતા.

—સ્વર્ગસ્થ આત્માઓને વીતરાગ દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે તેમ જ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભગવતી માતા પ્રત્યે અત્યંત ભક્તિભાવ હતો. તેઓ વીતરાગી ધર્મના શરણમાં આત્મોન્નતિ પામો એ જ ભાવના.

[તા. ૪-૧૨-૯૪]

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

* સ્વાનુભૂતિયુગસર્જક પરમોપકારી પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તથા તદ્ભક્ત સ્વાનુભવવિભૂષિત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ધક ધર્મોપકાર-સુપ્રતાપે, આપણા સ્વાનુભવમહિમાદર્શક આદરણીય પંડિતરત્ન શ્રી હિંમતલાલભાઈ જે. શાહના તાત્ત્વિક જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિરસ-સભર સુમધુર તત્ત્વાવધાનમાં, અધ્યાત્મ સાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અધ્યાત્મજ્ઞાનના પુનિત ગુંજારવથી સદા પ્રફુલ્લિત રહે છે. સમાગત યાત્રીઓ અહીંના અધ્યાત્મરસમય વાતાવરણથી પ્રભાવિત તેમ જ પ્રમુદિત થાય છે.

* દૈનિક કાર્યક્રમ:—પ્રાતઃ ૫-૪૦ પૂજ્ય બહેનશ્રીના નિવાસે ઓડિયો ટેપ દ્વારા તેમની દેવગુરુભક્તિ તથા અનુભવરસપૂર્ણ ધાર્મિક તત્ત્વચર્ચા. તત્પશ્ચાત્ જિનદર્શન-પૂજા પછી ૮-૩૦ થી ૯-૩૦ પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી પંચાસ્તિકાયસંગ્રહ પર ટેપપ્રવચન. બપોરે ૩-૦૦ થી ૪-૦૦ નિયમસાર પર શાસ્ત્રવાંચન. ૪-૧૫ સુધી પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ ઉપકૃતભાવભીની સ્તુતિ. ૪-૧૫ વાગ્યે જિનાયતનોમાં જિનેન્દ્રભક્તિ. સાંજે ૭-૩૦ થી ૮-૩૦ સમયસાર-નાટક પર પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપપ્રવચન. ત્યાર પછી પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને મહિલા-શાસ્ત્રસભા.

## * મહાવીર-નિર્વાણ-વાર્ષિક મહોત્સવ *

આસો વદ ૧૦, રવિવાર તા. ૩૦-૧૦-૯૪ થી આસો વદ ૩૦, ગુરુવાર, તા. ૩-૧૧-૯૪—પાંચ દિવસ 'શ્રી મહાવીર-નિર્વાણ-કલ્યાણક'નો પંચાહ્નિક વાર્ષિક મહોત્સવ—દીપાવલિનું પાવન પર્વ—શ્રી મહાવીર-કુંદકુંદ દિગમ્બર જૈન પરમાગમમંદિરમાં 'શ્રી જિનેન્દ્ર-પંચકલ્યાણક-મંડલવિધાનપૂજા', પંચકલ્યાણક તેમ જ મહાવીરજિનેન્દ્રભક્તિ તથા અધ્યાત્મજ્ઞાનોપાસના ઇત્યાદિ વિભિન્ન કાર્યક્રમ સહ ઊજવવામાં આવ્યો હતો. નિર્વાણપૂજા સમયે નિર્વાણ-લાડુની ઉછામણીનો લાભ શ્રી ચંપકલાલ વિક્રમચંદ સંઘવી, મુંબઈ તથા શ્રી કિરીટકુમાર મનસુખલાલ દોશી, ઘાટકોપર (હા. ઇન્દુબેન ચંપકલાલ સંઘવી, નીતાબેન કિરીટકુમાર દોશી, ચિંતન સંઘવી તથા નીરવ શાહ)ને પ્રાપ્ત થયો હતો. આ મંગલ અવસરનો લાભ લેવા માટે બહારગામથી ૭૦૦થી અધિક મુમુક્ષુ-મહેમાન પધાર્યા હતા. પૂજા અને પ્રવચનના સમયે સ્થાન પૂરું ખીચોખીચ ભરાઈ જતું હતું.

[ વધુ માટે જુઓ પેઈજ નં. ૨૫ ]

## 卐 આ એક જ કરવા જેવું છે 卐

* આકુળતામય શુભાશુભભાવથી ભિન્ન તારો નિરાકુળ જ્ઞાયકસ્વભાવ છે. તેને અનુભવવાનો પ્રબળ પુરુષાર્થ કર. એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શે નહીં; દરેક પદાર્થની દરેક સમયની પર્યાય ક્રમબદ્ધ થાય—એ વાત સમજવામાં મહા પુરુષાર્થ છે. પ્રભુ! ક્રમબદ્ધ થતી પર્યાયને પરની તો અપેક્ષા નથી પણ પોતાના દ્રવ્ય-ગુણની પણ અપેક્ષા નથી—એવા તત્ત્વને સમજમાં લે તો તારા ભવભ્રમણનો અંત આવશે. આ એક જ કરવા જેવું છે. —સ્વાનુભવપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦

If undelivered please return to :-
Shree Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 'Licensed to Post without prepayment'

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૧૦૧/-
વિદેશ માટે (સી-મેઇલથી) રૂા. ૨૦૧/-
વાર્ષિક લવાજમ : રૂા. ૯/-
વિદેશ માટે (સી-મેઇલથી) રૂા. ૧૮/-
[ વિદેશ માટે એર-મેઇલથી મંગાવવા માટે વાર્ષિક રૂા. ૧૬૮/- પોસ્ટેજના અલગ ]